# જૂનાગઢમાં યુવાનનો ઝેરી દવા પી લઈ આપઘાત : જીલ્લામાં કુલ પાંચ અપમૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ જીલ્લામાં પાંચના અકાળે મૃત્યુ થયાનું વિવિધ પોલીસ મથકોએ નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ વિવેકાનંદ ગ્રાઉન્ડ નજીક જશુ ઉર્ફે ભાવેશ લાખાભાઈ ભાટી(ઉ.વ.૨૩)એ કોઈપણ કારણોસર ઝેરી દવા પી લેતા મૃત્યુ નિપજયાનું મૃતકના ભાઈ નીલેશભાઈએ એ ડીવીઝન પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે જયારે ગાંધીધામ ગિરવિહાર સોસાયટીમાં રહેતા રાજેન્દ્રભાઈ મેરખીભાઈ ખુંટીને કીડની અને લીવરની બીમારી સબબ અમદાવાદ ખાતે હોસ્પિટલમાં દાખલ હોય જયાથી તેઓને જૂનાગઢ ખાતે લાવતી વખતે રસ્તામાં મોત નિપજતા સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા મેડીકલ ઓફીસરે મૃત્યુ થયાનું જાહેર કર્યાનું મૃતકના ભાઈ વિનોદભાઈએ સી ડીવીઝન પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. કેશોદના સોંદરડા ગામે રહેતા પ્રફુલભાઈ પાલાભાઈ ચાવડા(ઉ.વ.૫૦) છએક મહિનાથી કામકાજ મુકી દીધેલ હોય અને દારૂ પીવાની ટેવ હોય અને આંખોમાં ઓછુ દેખાતું હોય પોતાના ઘરે અગાસી ઉપર સીડી રૂમ પાસે કાપડના પટ્ટા વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું મૃતકના પુત્ર વિકાસભાઈએ કેશોદ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. તેમજ માણાવદરના રઘુવીરપરા વિસ્તારમાં રહેતા માલદેભાઈ કેશુભાઈ ઓડેદરા(ઉ.વ.૪૪)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના ભાઈ નાથાભાઈએ માણાવદર પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. અને બાંટવાના તળાવ વિસ્તારમાં રહેતા દિલીપભાઈ શીતલદાસ બસંતાણી(ઉ.વ.૫૪)ભંગારની ફેરીનો ધંધો કરતા હોય અને ધંધો બરાબર ચાલતો ન હોય અને આર્થિક મંદિરના કારણે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું પ્રદિપભાઈ રામચંદભાઈ બસંતાણીએ બાંટવા પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## કેશોદના પંચાળા ગામે મંદિરનું સ્લેબ અને દિવાલ તોડી ૩ લાખનું નુકશાન કર્યાની બે વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

કેશોદના પંચાળા ગામે મંદિરનું સ્લેબ અને દિવાલ તોડી ૩ લાખનું નુકશાન કર્યાની ફરીયાદ બે શખ્સો વિરૂધ્ધ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે અરવીંદભાઈ હરસુખભાઈ રાણીંગાએ ભરત પ્રાગજીભાઈ રાણીંગા અને દિનેશ બાબુભાઈ રાણીંગા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીને સમાજમાં કોઈ હોદ્દો ન મળતો હોય અને બંને શખ્સોને આગેવાની સંભાળવી હોય પરંતુ મંદિરમાં આગેવાની ન મળતા રાણીંગા પરીવારના સુરાપુરાદાદાના મંદિરમાં આશરે ૧૫૦ ફુટ જેટલો સ્લેબ તોડી નાંખી, દિવાલ પાડી નાખી અને મંદિરનો સામાન વેર વિખેર કરી નાંખી ૩ લાખનું નુકશાન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના માંગનાથ વિસ્તાર કાપડ બજારમાંથી બે મહિલાના પર્સની ચોરી કરનાર મહિલા ગેંગની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં માંગનાથ કાપડ બજારમાં ૨ મહિલાનાં ૩૭,૬૦૦ના પર્સની ચોરી કરનાર ગોંડલની મહિલા ગેંગની પોલીસે ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી હતી. જૂનાગઢ તાલુકાના ખડીયા ગામે હનુમાન પરામાં રહેતા ૪૫ વર્ષીય ભાવનાબેન વિનોદભાઈ ઓડવિયા શુક્રવારે બપોરના પોણા બે વાગ્યાના અરસામાં જૂનાગઢમાં માંગનાથ કાપડ બજારમાં લગ્નની ખરીદી કરવા માટે આવ્યા હતા. ત્યારે તેમની નજર ચૂકવી ૪૦ અને ૨૫ વર્ષની અજાણી મહિલાએ રૂપિયા ૨૦,૦૦૦ની કિંમતની સોનાની બે વીટી, રૂપિયા ૭,૬૦૦ની રોકડ રકમનું પર્સ ચોરી લીધું હતું અને આ જ પ્રમાણે માંગનાથ કાપડ બજારમાં જ સાધનાબેન ગજેરા નામના મહિલાને પણ નિશાન બનાવી રૂપિયા ૧૦,૦૦૦ની રોકડ સાથેના પર્સની ચોરી થઈ હતી. આમ ૨ મહિલાના રૂપિયા ૩૭,૬૦૦ની રોકડ સાથેના પર્સની ચોરી થતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. આ અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી. બી. કોળી, પીએસઆઈ જે. આર. વાઝાની ટીમે પેટ્રોલિંગ દરમ્યાન બાદમીદારોની મદદથી સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી ગોંડલમાં બાલા આશ્રમની બાજુમાં સરકારી દવાખાના પાસે રહેતી રેખા સાગર મકવાણા અને નન્ની ભરત ચાવડાની ધરપકડ કરી હતી. પૂછપરછમાં બંને મહિલાએ માંગનાથ કાપડ બજારમાં ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. પોલીસે મહિલા ગેંગ પાસેથી સોનાને બે વીટી રોકડ સહિત રૂપિયા ૩૭,૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. આ અંગે પીએસઆઈ જે.આર. વાઝાએ જણાવ્યું હતું કે, શહેરની માંગનાથ કાપડ બજારમાં બે મહિલાની નજર ચૂકવી રૂપિયા ૩૭,૬૦૦ની માલમતા સાથેના પર્સની ચોરી કરનાર ગોંડલની રેખા સાગર મકવાણા અને નન્ની ભરત ચાવડાની અટક કર્યા બાદ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. બંને મહિલાએ ચોરીની ઘટનાના દિવસે એટલે કે શુક્રવારના રોજ જ શહેરમાં ચોરી કરવા આવી હતી અને માંગનાથ બજારમાં બે મહિલાને નિશાન બનાવી હોવાનું પૂછપરછમાં જણાવ્યું હતું.

# ૧૯મી નવેમ્બર વિશ્વ શૌચાલય દિવસ આ વર્ષની થીમ છે 'શાંતિ માટે સ્વચ્છતા'



### ૨જી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત દેશવાસીઓમાં સ્વચ્છતા સંસ્કાર બને તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો 'સ્વચ્છાગ્રહ' : નરેન્દ્ર મોદીએ 'નિર્મળ ગુજરાત', 'સ્વચ્છ ભારત મિશન', 'સ્વચ્છતા એ જ સેવા' થકી દેશવાસીઓને ખુલ્લામાં શૌચબંધી, તેમજ સ્વચ્છતા માટે પ્રેર્યા : સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કામાં રાજકોટ જિલ્લામાં ૮૦૦૦થી વધુ શૌચાલયો બન્યા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૯

શૌચ અંગે જાગૃતિ લાવવા વર્ષ ૨૦૦૧માં ૧૯મી નવેમ્બરથી 'વિશ્વ શૌચાલય સંગઠન' દ્વારા 'વિશ્વ શૌચાલય દિવસ'ની શરૂઆત કરવામાં આવી હતી. એ પછી સંયુક્ત રાષ્ટ્રે વર્ષ ૨૦૧૩માં આ દિવસને માન્યતા આપી હતી. 'વિશ્વ શૌચાલય દિવસ'ની વર્ષ ૨૦૨૪ની થીમ છે 'શાંતિ માટે સ્વચ્છતા'. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસે 'શૌચાલયઃ શાંતિ માટેનું સ્થળ' એવું અભિયાન પણ શરૂ કરવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૩૦ માટે 'ટકાઉ વિકાસના લક્ષ્યાંકો' (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ) નક્કી કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં 'બધા માટે સલામત શૌચાલય' એ ટકાઉ વિકાસ લક્ષ્ય-૦૬ના લક્ષ્યો પૈકીનું એક લક્ષ્ય છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ, વિશ્વમાં આજે પણ ૩.૫ અબજ લોકો હજુ પણ સ્વચ્છતાના અભાવની વચ્ચે જીવન જીવે છે. જ્યારે ૪૧ કરોડ ૯૦ લાખ જેટલા લોકો ખુલ્લામાં શૌચ કરે છે. સ્વચ્છતાથી જ સ્વસ્થતા શરીરને અંદર-બહારથી સ્વચ્છ-સ્વસ્થ રાખવા શૌચ અનિવાર્ય છે. જો કે શૌચાલય નિર્માણ તેમજ સ્વચ્છતાની બાબતોને ભારતમાં પૂરતું મહત્ત્વ અપાઈ રહ્યું છે. દેશવાસીઓમાં 'સ્વચ્છતા સંસ્કાર' બને તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છાગ્રહ' શરૂ કર્યો છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં નરેન્દ્રભાઈએ 'નિર્મળ ગુજરાત અભિયાન'નો વર્ષ ૨૦૦૭થી પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત ગુજરાતમાં ૩.૬૬ લાખ જેટલા શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા પછી આ અભિયાનને રાષ્ટ્રીય ફલક ઉપર લઈ ગયા હતા અને બીજી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ 'સ્વચ્છ ભારત મિશન' શરૂ કરાવ્યું હતું. આ સાથે 'સ્વચ્છતા હી સેવા', 'સ્વચ્છતા પખવાડિયા' જેવા અભિયાનો થકી સરકારી તંત્ર તથા નાગરિકોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવીને તેના માટે પ્રેરિત કર્યા છે. હાલમાં જ બીજી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ આ મિશનને ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૦ સુધી ચાલેલા સ્વચ્છ ભારત મિશનના પ્રથમ તબક્કામાં દેશમાં ૫.૬૦ લાખ શૌચાલયોનું નિર્માણ કરાયું છે. મહત્ત્વનું છે કે, 'સ્વચ્છ ભારત મિશન'ના મુખ્ય ઘટક 'પી.એમ. શૌચાલય યોજના'(P.M.S.Y.) હેઠળ ગ્રામીણ પરિવારને શૌચાલયની સુવિધા પૂરી પાડવા આર્થિક સહાય આપવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારમાં ઘરે શૌચાલય બનાવવા માટે પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વર્તમાનમાં રૂા.૧૨ હજારની સહાય ચૂકવવામાં આવે છે. જ્યારે બે હજારથી ઓછી વસતી ધરાવતા ગામમાં સામુહિક શૌચાલય માટે ગ્રામ પંચાયતને ૧.૮૦ લાખ, જ્યારે બે હજારથી વધુ વસતી ધરાવતા ગામમાં સામુહિક શૌચાલય માટે રૂા.ત્રણ લાખની સહાય આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણના બીજા તબક્કો શરૂ થયાથી અત્યાર સુધીમાં (વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૩-૨૪ સુધીમાં) રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં ૮૦૯૨ વ્યક્તિ શૌચાલય બન્યા છે. જે પૈકી રૂપિયા ૯ કરોડ ૭૧ લાખની રકમ મંજૂર કરીને મોટાભાગની રકમની ચૂકવણી કરી દેવામાં આવી છે. જ્યારે બાકીની ચૂકવણી પ્રગતિમાં છે. ઉપરાંત રાજકોટ જિલ્લામાં વિવિધ પ્રવાસન સ્થળો, બસ સ્ટેન્ડ, જાહેર સ્થળો પર પણ ૧૭૭ જેટલા સામુહિક શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. વિશ્વ શૌચાલય દિવસે સ્વચ્છતાનું મહત્ત્વ સમજીને સ્વચ્છતાના સંસ્કાર કેળવીને અન્યોને પણ તેના માટે પ્રેરિત કરીએ એ જ સમયની માગ છે.

**આલેખન : સંદીપ કાનાણી, દ્રષ્ટિ નથવાણી**

# મંગળવાર નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવ દાદાને ઓર્કિડના ફુલનો શણગાર અને સુખડીનો પ્રસાદ ધરાવાયો




(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૯

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી મંગળવાર નિમિત્તે તારીખ ૧૯-૧૧-૨૦૨૪ને દાદાને વૃંદાવનમાં તૈયાર થેયલા વાઘા પહેરાવાયા છે, સિંહાસને ઓર્કિડના ફુલનો શણગાર અને સુખડીનો પ્રસાદ ધરાવાયો છે. મહત્ત્વનું છે કે, તો આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેદસાગર સ્વામીએ કરી હતી.સાથોસાથ મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આજે દાદાને કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે મંગળવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી વૃંદાવનમાં ૧૫-૨૦ દિવસની મહેનતે તૈયાર થયેલા જરદોશીવર્કવાળા પ્યોર સિલ્કના વાઘા પહેરાવાયા છે.

આ સાથે જ દાદાના સિંહાસને ઓર્કિડના ફુલ અને નાળિયેરીના ગૂંથેલા પાનનો શણગાર કરાયો છે. તો દાદા સમક્ષ આજે ૫૧ કિલો સુખડીનો પ્રસાદ ધરાવાયો છે. દાદાના સિંહાસને કરાયેલા શણગાર માટે ફુલ વડોદરાથી મંગાવ્યા છે. આ શણગાર કરતાં ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને ૪ કલાકનો સમય લાગ્યો હતો.

## જૂનાગઢમાં પેન્શનરની રૂા.૮ હજારની થેલી ચોરનાર શખ્સની ધરપકડ કરતી પોલીસ




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં વિશાલ ટાવર પાસે પેન્શનરની ૮,૦૦૦ની થેલી ચોરનાર શહેરના જ શખ્સની પોલીસે ગણતરીની કલાકોમાં અટક કરી બાઈક અને રૂપિયા ૫૦૦૦ની રોકડ કબજે લીધી હતી. વિસાવદર ખાતે રહેતા જૂનાગઢની બહાઉદીન કોલેજના નિવૃત કલાર્ક ૭૦ વર્ષીય વૃદ્ધ છગનભાઈ ભાણાભાઈ ધાવરી શુક્રવારે બેંકમાંથી પેન્શનની રકમ ઉપાડી બપોરના ૧ વાગ્યાના અરસામાં જવાહર રોડ તરફ જઈ રહ્યા હતા ત્યારે કાળવા ચોકમાં વિશાલ ટાવર પાસે બાઈક ઉપર આવેલ અજાણ્યો શખ્સપેન્શનની રૂપિયા ૮૦૦૦ની રોકડ, બેંકની પાસબુક સાથેની થેલી ઝૂંટવીને નાસી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં થેલી જૂટવીને પલાયન થઈ ગયેલા શખ્સના બાઈકના નંબર જીજે ૧૧ સીએમ ૪૮૦૦ હોવાનું નેત્રમ શાખાના કેમેરામાં માલુમ પડ્યું હતું. જેના આધારે એ ડિવિઝન પોલીસે તપાસ આદરી શહેરમાં જેલ રોડ અલંકારટોકીઝ પાસે નવાપરા લાઈનમાં રહેતો મહમદ ગફાર સોબરને પકડી લઈ રૂપિયા ૫,૦૦૦ની રોકડ અને રૂપિયા ૬૦,૦૦૦ની કિંમતનું બાઈક કબજે લીધું હતું. શખ્સ અન્ય ચોરીમાં સંડોવાયેલ છે કે કેમ તે અંગે પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## વૈશ્વિક રામકથામાં પ્રસાદ મેનેજમેન્ટ સેવા બજાવશે શ્રી આઈ ખોડિયાર રાસ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકો

### ખોડલધામના ૧૦૦ બહેનો પ્રસાદ વિતરણની વ્યવસ્થા સંભાળશે



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૯

સદભાવના વૃદ્ધાશ્રમના વડિલો તથા વૃક્ષોના શુભાર્થે યોજાનારી પૂ.મોરારિબાપુની વૈશ્વિક રામકથા "માનસ સદભાવના" માં દરરોજ હજારો ભાવિકો પ્રસાદ લેવાના છે ત્યારે રસોડામાં મેનેજમેન્ટ સેવા રાજકોટના સુપ્રસિદ્ધ શ્રી આઈ ખોડિયાર રાસમંડળ ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા બજાવવામાં આવશે. શ્રી આઈ ખોડિયાર રાસમંડળ ચેરિટેબલ ટ્રસ્ટનાં જાદવભાઈ મોહનભાઈ કાકડિયા, ભીખાભાઈ આંબલિયા, વલ્લભભાઈ મનજીભાઈ પટેલ અને કિશોરભાઈ મોહનભાઈ વાડોદરિયાના માર્ગદર્શનમાં ૨૫ થી વધુ સ્વયંસેવકો કથા પ્રસાદસ્થળે ઉપસ્થિત રહેશે અને રસોડાનું મેનેજમેન્ટ સંભાળશે. કેટલા ભાવિકોનો પ્રસાદ બનાવવો,ઉપરાંત પ્રસાદ વધે નહિ,ઘટે નહિ કે બગાડ ન થાય એ મેનેજમેન્ટ આ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવશે. વળી ખોડલધામના ૧૦૦ બહેનો સુમિતાબેન કાપડિયાના માર્ગદર્શનમાં પ્રસાદ વિતરણની જવાબદારી નિભાવશે. આમ ભાવિકોના પ્રસાદની વ્યવસ્થામાં શ્રી આઈ ખોડિયાર રાસ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ મહત્વની જવાબદારી વહન કરશે.

# શ્રી સ્વામીનારાયણ મંદિર લોએજ ખાતે આવતીકાલે શ્રી ઘનશ્યામ મહારાજના ૨૪માં પાટોત્સવની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકાના લોએજ ગામે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આવતીકાલે શ્રી ઘનશ્યામ મહારાજના ૨૪માં વાર્ષિક પાટોત્સવની ભાવભેર ઉજવણી થશે. પાટોત્સ્વના યજમાનશ્રીઓ પ.ભ. કાદમ્બરીબેન મુળશંકરભાઈ દવે તથા સહ પરિવાર અમદાવાદ, પ.ભ. પ્રદિપાબેન નારણભાઈ પટેલ તથા સહ પરિવાર અમદાવાદ રહેશે. જ્યારે પાટોત્સવ નિમીતે વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં આજે સાંજે ૪ કલાકે જળ યાત્રા, શોભાયાત્રા યોજાશે. આવતીકાલે સવારે ૭ કલાકે પાટોત્સવ અભિષેક દર્શન તેમજ સવારે ૯:૩૦ કલાકે સત્સંગ સભા અને સવારે ૧૧ કલાકે અન્નકૂટ દર્શન તેમજ ૧૧:૩૦ કલાકે મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાશે. પાટોત્સવની પૂજનવિધીના મુખ્ય પુરોહિત રમેશભાઈ ત્રિવેદી જૂનાગઢવાળા તથા ગોરદાદા બળદેવભાઈ રાજ્યગુરૂ રહેશે. પરમપૂજય મહંત સ્વામી ચૈતન્યદાસજી તથા લોએજ સત્સંગ વતી કોઠારી સ્વામી મુક્ત સ્વરૂપદાસજી તથા પુજારી સ્વામી નરેન્દ્ર પ્રસાદદાસજી તથા મુક્તિવાવ પુજારી સ્વામી નિર્મળદાસજી તેમજ શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર લોએજના પ.પૂ. સાંખ્યાયોગીબા રવિકાન્તાબાના કૃપાપાત્ર પ.પૂ. સાંખ્યયોગીબા ભાનુબેન તથા સમગ્ર સાંખ્યયોગી બહેનો તથા મહિલા સત્સંગ મંડળ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# આજે મહારાણી લક્ષ્મીબાઈનો જન્મ દિવસ

ઝાંસીની રાણી, ૧૮૫૭ના વિપ્લવનાં બહાદુર સેનાપતિ અને વીર મહિલા-યોદ્ધા. તેમનો જન્મ ૧૯ નવેમ્બર ૧૮૨૮ના રોજ મહારાષ્ટ્રના કરાડા બ્રાહ્મણ જ્ઞાતિના મધ્યમ વર્ગના પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ મોરોપંત બલવંતરાવ તાંબે અને માતાનું નામ ભાગીરથીબાઈ હતું. તેમના બાળપણનું નામ મનિકર્ણિકા હતું પણ પ્રેમથી બધા તેમને મનુ કહીને બોલાવતા હતા. મનુ જ્યારે ચાર વર્ષની હતી ત્યારે તેમની માતાનું મૃત્યું થઈ ગયું. તેમનું પાલન પોષણ પિતાએ જ કર્યું. મનુએ બાળપણમાં જ શાસ્ત્રોની શિક્ષા સાથે શસ્ત્રોની શિક્ષા પણ પ્રાપ્ત કરી હતું. તેમનું લગ્ન ૧૮૪૨માં ઝાંસીના રાજા ગંગાધર રાવ નિવાલકર સાથે થયા અને તે ઝાંસીની રાણી બની. લગ્ન સમયે તેમની ઉંમર માત્ર ૧૪ વર્ષની હતી. વિવાહ પછી તેમનું નામ લક્ષ્મીબાઈ મુકવામાં આવ્યું. સન ૧૮૫૧માં રાણી લક્ષ્મીબાઈએ એક પુત્રને જન્મ આપ્યો પણ ચાર મહિનાની આયુમાં જ તેનુ મૃત્યું થઈ ગયું. સન ૧૮૫૩માં રાજા ગંગાધર રાવનું સ્વાસ્થ્ય ઘણુ બગડવાથી તેમને દત્તક પુત્ર લેવાની સલાહ આપવામાં આવી. પુત્ર દત્તક લીધા પછી રાજા ગંગાધર રાવનું મૃત્યું ૨૧ નવેમ્બર ૧૮૫૩માં થઈ ગયું. દત્તક પુત્રનું નામ દામોદર રાવ મુકવામાં આવ્યું.

**ઝાંસી રાજ્યની રક્ષા કરવાનો નિર્ણય**

લહૌજીની રાજ્ય હડપવાની નીતિ હેઠળ બ્રિતાની રાજ્યએ દામોદર રાવજી જે એ સમયે બાળક હતા અને ઝાંસી રાજ્યના ઉત્તરાધિકારી માનવાનો ઈંકાર કરી દીધો અને ઝાંસી રાજ્યને બ્રિતાની રાજ્યમાં ભેળવી દેવાનું નક્કી કર્યુ ત્યારે રાણી લક્ષ્મીબાઈએ બ્રિતાની વકીલ જાન લૈંગની સલાહ લીધી અને લંડનની કોર્ટમાં કેસ નોંધાવ્યો. જો કે કેસમાં ખૂબ વાદ વિવાદ થયો પણ તેને રદ્દ કરવામાં આવ્યો. બ્રિતાની અધિકારીઓએ રાજ્યનો ખજાનો જપ્ત કરી લીધો અને તેમના પતિના કર્જને રાનીના વાર્ષિક ખર્ચમાંથી કાપી લેવામાં આવ્યો. આ સાથે જ રાણીને ઝાંસીનો કિલ્લો છોડીને ઝાંસીના રાનીમહેલમાં જવું પડ્યું પણ રાણી લક્ષ્મીબાઈએ દરેક કિમંત ઉપર ઝાંસી રાજ્યની રક્ષા કરવાનો નિર્ણય કર્યો હતો.

**ઝાંસીનું યુદ્ધ**

ઝાંસી ૧૮૫૭ના વિદ્રોહનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું જ્યા હિંસા ભડકી ઉઠી. રાણી લક્ષ્મીબાઈએ ઝાંસીની સુરક્ષાને સુદઢ કરવી શરૂ કરી દીધી અને એક સ્વયંસેવકની સેનાની રચના કરવી શરૂ કરી આ સેનામાં મહિલાઓની પણ ભરતી કરવામાં આવી અને તેમને યુદ્ધ પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું. સાધારણ જનતાએ પણ આ વિદ્રોહમાં સહયોગ આપ્યો. ૧૮૫૭માં પડોશી રાજ્ય ઓરછા અને દતિયાના રાજાઓએ ઝાંસી ઉપર આક્રમણ કરી દીધુ. રાનીએ સફળતાપૂર્વક પૂર્વક તેને વિફળ કરી દીધુ. વિશાળ અંગ્રેજી સેનાને મારતી-મારતી રાણી તેમની પકડથી દૂર નીકળી ગઈ. અંગ્રેજ સૈનિક પણ રાણીનો સતત પીછો કરતા રહ્યા. છેવટે ગ્વાલિયરમાં બંને વચ્ચે ઘમાસાન લડાઈ થઈ. રાણીનો ઘોડો પણ થાકી ચુક્યો હતો. તેથી એક નાળાને પાર કરતી વખતે ઘોડો થંભી ગયો એટલામાં પાછળથી એક અંગ્રેજ સૈનિકે રાણીનો ડાબો ભાગ કાપી નાખ્યો. આ અવસ્થામાં રાણીએ એ અંગ્રેજ સૈનિકના ટુકડે ટુકડા કરી નાખ્યા અને ખુદ સ્વર્ગલોક સિધાવી ગઈ. મહારાણી લક્ષ્મીબાઈની વીરતા ત્યાગ અને બલિદાન ઉપર ભારતીયોને ગર્વ છે. વિભાજિત ભારતને એક તાંતણે બાંધીને ઈતિહાસની સૌથી મોટી ક્રાંતિ કરવાનું શ્રેય મહારાણી લક્ષ્મીબાઈને જાય છે. તેથી જ તેમને 'રાષ્ટ્ર નાયિકા' કહેવામાં આવ્યા છે. તેમણે માત્ર સત્તાલાલચા માટે નહીં, પરંતુ સ્વરાજ્યના સ્વપ્ન માટે દેશભરના ક્રાંતિવીરોની સેનાનું સફળ નેતૃત્વ કર્યું હતું અને અંગ્રેજોના હૃદયમાં કાયમ માટે એક ધાક બેસાડી દીધી હતી.

## અમદાવાદ-મહેસાણા-પાલનપુર રસ્તાને હાઈસ્પીડ કોરિડોર તરીકે ડેવલપ કરવા સરસ્વતી નદી પર નવો મેજર બ્રિજ બનશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધુ સંગીન બનાવવા માટે અતિ મહત્વના રસ્તાઓને હાઈસ્પીડ કોરિડોર તરીકે વિકસાવવાનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં મહેસાણા-ઊંઝા-સિધ્ધપુર-પાલનપુર સ્ટેટ હાઈવે ઉપર સિધ્ધપુર તાલુકાની સરસ્વતી નદી ઉપર નવા ફોર લેન મેજર બ્રિજ નિર્માણ માટે ૧૪૫ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે. સરસ્વતી નદી પરનો હયાત ટુ લેન બ્રિજ ૧૯૫૯માં બનાવવામાં આવેલો છે. એટલું જ નહીં, વધતા જતા વાહન વ્યવહારને પહોંચી વળવા સાંકડા પૂલની જગ્યાએ સિક્સ લેન રોડને અનુરૂપ જુના ફોર લેન બ્રિજની જમણી તરફ આ નવો ફોર લેન મેજર બ્રિજ નિર્માણ પામશે. આ બ્રિજનું નિર્માણ થતાં ભવિષ્યમાં ઉત્તર ગુજરાત વિસ્તારને સમય અનુરૂપ સુદ્રઢ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ઝડપી અને સલામત રસ્તાની સુવિધાઓ પણ મળતી થશે.

## ખંભાળિયામાં આજે રઘુવંશી જ્ઞાતિના સમૂહ પ્રસાદનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં આજે મંગળવારે રઘુવંશી સદગૃહસ્થ સ્વ. વલ્લભદાસ મોહનલાલ વિઠલાણી પરિવાર દ્વારા અત્રે બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી જ્ઞાતિના સમૂહ પ્રસાદ (નાત)નું આયોજન કરવામાં આવ્યું છે.

# જૂનાગઢ મધુર સોશિયલ ગ્રુપ દ્વારા સિવિલ હોસ્પિટલ રેડીયોલોજી વિભાગમાં ખુટતી સુવિધા અને જરૂરી તબીબોની નિમણૂંક કરવા માંગ

જૂનાગઢ, તા.૧૯



જૂનાગઢ મધુર સોશ્યલ ગ્રૂપના પ્રમુખ સલીમ ગુજરાતી અને અમિષ ગોસાઈની માનસર અરજ કે, જુનાગઢમાં ૭૫૦ કરોડના ખર્ચે બનાવેલી સિવિલ હોસ્પિટલ સાથે કાર્યરત કરવામાં આવેલી જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજની ઉપલબ્ધિ સિવિલ હોસ્પિટલની આરોગ્ય સેવાને ચાર ચાંદ લગાવી દેશે તેવી આશા સંપૂર્ણપણે પોકળ પુરવાર થઈ હોય તેમ મેડિકલ કોલેજ સંકલિત સિવિલ હોસ્પિટલમાં અપૂરતા સ્ટાફની સમસ્યા તો ક્યારેય દૂર થઈ નથી અને રેડિયોલોજી જેવી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં હોય તેવી સુવિધા પણ સિવિલમાં રહી નથી. જુનાગઢ સિવિલ હોસ્પિટલની રેડિયોલોજી સંપૂર્ણપણે રામ ભરોસે અને શહેરના ખાનગી રેડિયોલોજી ના સંચાલકો માટે ધંધો વધારવામાં નિમિત બનતી હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

જુનાગઢ જી.એમ.ઈ.આર.એસ. સંકલિત સિવિલ હોસ્પિટલ જુનાગઢ શહેર જિલ્લા ઉપરાંત પોરબંદર ગીર સોમનાથ અમરેલી જામનગર અને રાજકોટના જૂનાગઢ આસપાસના ગામડાઓની લાઈફ લાઈન બની રહી છે તેવા સંજોગોમાં જુનાગઢ સિવિલની સવલતો પ્રજા માટે આશીર્વાદ બનવાના બદલે અભિશાપ બની રહી છે, સિવિલ હોસ્પિટલ ની રેડીયોલોજીમાં લાંબા સમયથી કાયમી રેડિયોલોજિસ્ટની જગ્યા ખાલી છે, બહારથી રેડિયોલોજિસ્ટને બોલાવવામાં આવે છે જે ગણતરીની કલાકોમાં આવી ચાલ્યા જતા હોવાથી એક્સ રે, સીટી-સ્કેનથી લઈ સોનોગ્રાફી સહિતના રિપોર્ટિંગમાં ખૂબ જ વિલંબ થાય છે, વળી સોનોગ્રાફી સહિતની સામાન્ય જરૂરિયાતમાં ઓપીડીના દર્દીઓને ફરજિયાત પણે એક દિવસ દાખલ કરાયા પછી જ સોનોગ્રાફી કરવામાં આવતી હોવાથી દર્દી અને મેનેજમેન્ટ માટે ખર્ચથી લઈ સમય નો ભારે વ્યય થાય છે, સિવિલમાં દરરોજની ૧૫૦૦થી ૨૦૦૦ ની ઓપીડી હોય છે, જેમાં લેબર અને સર્જરી તકલીફ વાળા અને જરૂરી દર્દીઓ માટે સોનોગ્રાફી કરવાની થાય ત્યારે ફરજિયાત પણે દાખલ કરીને પછી જ સોનોગ્રાફી કરવાનો રિવાજ હોવાથી સોનોગ્રાફી માટે દર્દીઓને દાખલ કરવામાં આવે છે,જેમાંથી કેટલાક દર્દીઓ ને સમય અને સવલત નો અભાવ હોવાથી ફરજિયાત પણે ખાનગી રીતે સોનોગ્રાફી અથવા એક્સરે કરવા પડે છે અને જરૂરિયાતમંદ દર્દીઓને દાખલ થવાની ફરજ પડે છે,જેનાથી હોસ્પિટલ નું ઓપીડી નું ભારણ બિનજરૂરી રીતે વધી જાય છે,. જી એમ ઈ આર એસ મેડિકલ કોલેજ સિવિલ હોસ્પિટલ સાથે સંકલિત હોવા છતાં સિવિલમાં મોટાભાગે સ્પેશિયાલિસ્ટ તબીબો ની જગ્યા ખાલી છે. મેડિકલ કોલેજના પ્રોફેસરો હોવા છતાં કોણ જાણે શા માટે સિવિલમાં યોગ્ય રીતે ફરજ બજાવતા નથી. ચિલ્ડ્રન સ્પેશિયાલિસ્ટ, ગાયનેકોલોજિસ્ટ, રેડિયોલોજીસ્ટ, એનેસ્થેટીક જેવા સ્પેશિયાલિસ્ટ ડોક્ટર ને જરૂર મુજબ બહારથી બોલાવવા પડતા હોવાનું જાણવા મળ્યું છે. આપ સાહેબને પ્રજા વતિ અમારી માનસર અરજ કે જિલ્લા સમાહર્તા તરીકે આપ સિવિલ હોસ્પિટલ ની મુલાકાત લઈ વહીવટી સંચાલન ની સમીક્ષા કરી પ્રજાજનોને પડતી હાલાકી દૂર કરવા રેડિયોલોજી નું વ્યવસ્થિત સંચાલન અને જરૂરી તબીબોની નિમણૂંક કરાવી જુનાગઢ સિવિલને ખરા અર્થમાં લાઈફ લાઈન બનાવો. સિવિલ હોસ્પિટલની ખૂટતી સુવિધા અંગે અમારી સંસ્થા દ્વારા અનેકવાર ધારાસભ્યથી લઈ સાંસદ અને વડાપ્રધાન સુધીની રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ સ્થિતિ 'જેસે થે' તેમ જ રહેવા પામી છે ત્યારે સિવિલની સ્થિતિ દુરસ્ત કરવામાં આવેલ તેવી મધુર સોશ્યલ ગૃપ દ્વારા માંગણી કરવામાં આવેલ છે.

# શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ તથા જીલ્લા સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે સ્નેહ મિલન અને સહકાર સપ્તાહ કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૧૯

સમગ્ર ગુજરાતમાં પ્રથમ હરોળની કહી શકાય એવી શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જુનાગઢના મુખ્યાલય કેશવ ભવન ખાતે જુનાગઢ,જોષીપુરા અને ટીંબાવાડી આ ત્રણ બ્રાન્ચના ડીરેક્ટર ઓ, સભાસદો અને કેશવથી પરીચીત એવા મહાનુભવોની હાજરીમાં દીપાવલી સ્નેહ મિલન અને સહકાર સપ્તાહનો ભવ્ય કાર્યક્રમ યોજાયો.

શ્રી કેશવ ક્રેડીટ સોસાયટી ના એમ.ડી. ચીમનભાઈ ડોબરીયાએ સંસ્થાનો પરીચય અને મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરેલ, સોસાયટીના જનરલ મેનેજર સમીરભાઈ જોષીએ મહેમાનોનો પરીચય આપેલ,જુનાગઢ જીલ્લા સહકરી સંઘના ચેરમેન ભાવેશભાઈ મેનપરાએ શુભેચ્છા પાઠવેલ અને જીલ્લા સહકાર સંઘ એકઝીક્યુટીવ રાજભાઈ ઠાકરે સહકારીતા અંગે પોતાના વિચારો રજુ કરેલ ત્યારબાદ કેશવ ક્રેડીટ સોસાયટીના સ્થાપક ગેરમેન તથા માર્ગદર્શક વિનોદભાઈ બરોગીયા કેશવ ક્રેડીટ સોસાયટી વિશે વિસ્તૃત રીતે પોતાના વિચારો અને અનુભવ આધારીત વિશીષ્ટ છણાવટ કરતા જણાવેલ કે કેશવ ક્રેડીટ સોસાયટી એ વ્યકતી ઉતકર્ષથી રાષ્ટ્ર ઉતકર્ષ માટે કામ કરતી સંસ્થા છે. સહકાર સપ્તાહના કાર્યક્રમ અંતર્ગત બોલતા જણાવેલ કે આ કૃષિ પ્રયાન દેશમાં સહકારીતા એ વિકાશનો પાયો છે. ભારતનું સહકારી માળખુ આખા વિશ્વમાં નંબર વન છે. સમગ્ર વિશ્વને માર્ગદર્શીત કરી શકે એવુ સહકારી માળખુ છે. કેશવ ક્રેડીટ અને ાહકારીતા અંગે પોતાના અનુભવો અને કાર્ય પધ્ધતી અને સહકારી ક્ષેત્રેનો વિકાસ કેમ સાધી શકાય અને વ્યકતી ઉતકર્ષથી રાષ્ટ્ર ઉતકર્ષ કેમ કરી શકાય તે અંગે પોતાના મૌલિક વિચારો અને અનુભવો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમમાં જુનાગઢ જીલ્લા સહકારી સંઘ ના ચેરમેનશ્રી ભાવેશભાઈ મેનપરા, કેશવ ક્રેડીટ સોસાયટીના સ્થાપક ચેરમેન તથા માર્ગદર્શક વિનોદભાઈ બરોગીયા, વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ ભુત, એમ.ડી. ચીમનભાઈ ડોબરીયા, જનરલ મેનેજર સમીરભાઈ જોષી તથા બહોડી સંખ્યામાં સભાસદો અને કર્મચારીઓ હાજર રહયા હતા. સંસ્થાના ચેરમેન રમેશભાઈ સાવલીયા સંજોગ વસાત હાજર નહિ રહિ શકતા તેઓએ શુભેચ્છા સંદેશ પાઠવેલ.

સમગ્ર કાર્યક્રમનુ સુચારૂ આયોજન હેડ ઓફીસના કર્મચારી મિત્રોએ કરેલ અને સમગ્ર કાર્યક્રમનું સુચારુ અને સંપૂર્ણ સંચાલન સંસ્થાના સી.ઈ.ઓ. પી.એસ.ગજેરા કરેલ હતું.

# ડો.સુભાષ યુનિવર્સિટી ખાતે Design Thinking Showcase પ્રદર્શન યોજાયું

જૂનાગઢ, તા.૧૯



જૂનાગઢની ડો.સુભાષ યુનિવર્સિટી ખાતે તા. ૧૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ડૉ. સુભાષ ઈનોવેશન સેલ અને ટીચીંગ લર્નિંગ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે **Design Thinking Showcase** પ્રદર્શન યોજાયું હતું. જેમાં અલગ અલગ સ્કૂલના ૧૨૦થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા પ્રોબ્લેમના ઈનોવેટીવ સોલ્યુશન રજુ કરાયા હતા. જેમાં વિદ્યાર્થીઓની વિચારસરણીમાં સર્જનાત્મકતા, સહયોગ અને નવીનતાને પ્રદર્શનમાં રજુ કરવામાં આવ્યા હતા

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રોગ્રામ કોર્ડીનેટર ડો.અશોક હુંમર, ડો.શ્વેતા પંચાલ અને પ્રો. ભૂમિ બાણગોરીયા સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ વિશેષ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડો.દીપક પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

# જૂનાગઢની વિનય ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કર્મચારીઓ અને કામદારો માટે મેડિકલ કેમ્પ યોજાયો

**કર્મચારીઓનું સ્વાસ્થ્ય જાળવવું અમારી પ્રાથમિકતા - વિજય દોમડિયા : ૧૦૦થી વધુ કર્મચારીઓ તથા કામદારોના આરોગ્યની તપાસ કરીને જરૂરી તબીબી માર્ગદર્શન અપાયું : ડો.પ્રતિક્ષા મેડમ અને તેમની ટીમે કામદારોના આરોગ્યની તપાસ કરી**





જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ શહેરના ધોરાજી રોડ ઉપર આવેલી વિનય ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ ખાતે કર્મચારીઓ અને કામદારો માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી વધુ કર્મચારીઓ તથા કામદારોએ લાભ લઈને આરોગ્યની તપાસ કરાવી હતી.

ગણેશ મહોત્સવ, સમાજ સેવાના વિવિધ કાર્યો કરતી વિનય ઈન્ડસ્ટ્રીઝ લિ. દ્વારા તાજેતરમાં કામદારોના આરોગ્યની તપાસ માટે મેડિકલ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ અંગે વિનય ઈન્ડસ્ટ્રીઝના એમડી અને જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજયભાઈ દોમડિયાએ જણાવ્યું હતું કે, ફેક્ટરીમાં કામ કરતા કર્મચારીઓ અને કામદારો અમારા હાથ-પગ છે. કંપનીની કામગીરી કર્મચારીઓ અને કામદારો થકી જ ઉજળી છે. ત્યારે અહીં કામ કરતા તમામનું સારૂ આરોગ્ય જળવાઈ રહે તે અમારી પ્રાથમિકતા છે. કેમ્પમાં એમડી ડોક્ટર પ્રતિક્ષા મેડમ અને તેમની ટીમે સેવાઓ આપી હતી. જ્યારે મેનેજમેન્ટ નિરવ માથુકિયા, ઘનશ્યામ ચુડાસમા, ઉર્વિશા લીલા, આંચી મકવાણા, મોહિત મહિડા વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વિનય ઈન્ડસ્ટ્રીઝના એમડી વિજયભાઈ દોમડિયા, સમુહલગ્ન પ્રણેતા હરસુખભાઈ વઘાસિયા, વિનુભાઈ ભુવા, અશ્વિનભાઈ ભુવા, બટુકભાઈ માથુકિયા, અશોકભાઈ માથુકિયા, જય માથુકિયા વગેરે આગેવાનોએ હાજર રહીને કર્મચારીઓને આરોગ્યની તપાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# જૂનાગઢ જીલ્લાનાં ૧૮ થી ૪૫ વર્ષના રોજગારવાંચ્છુઓ માટે તા.૨૧ નવેમ્બરના રોજગાર ભરતી મેળાનું આયોજન

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ સિલ્વર કન્ઝયુમર ઈલેટ્રીકલ્સ પ્રા.લી. (સીલ્વર પંપ), સી.આઈ.ઈ. ઓટોમોટીવ ઈન્ડિયા લી. તથા એસ.બી.આઈ. લાઈફ ઈંસ્યુરન્સ કંપની એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ મશીન ઓપરેટર, હેલ્પર કે લાઈફ મીત્ર ની જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ. ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય અને સરકારી આઈ.ટી.આઈ. માંગરોળ(શીલ) દ્વારા આઈ.ટી.આઈ. કેમ્પસ માંગરોળ(શીલ) મુ. શીલ, ઝરીયાવાડા રોડ, તા - માંગરોળ ખાતે તા.૨૧/૧૧/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતી મેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.

# ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજાના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કોડીનાર પોલીસ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૯

કોડીનાર પોલીસે ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા પામેલા નાસતા ફરતા આરોપીને પકડી પાડી મહુવા કોર્ટ હવાલે કરેલ છે. આ અંગેની વિગત મુજબ કોડીનારના પી.આઈ. એન.આર.પટેલની સુચના તેમજ પો.સબ.ઈન્સ કે.એમ.ચાવડા ના માર્ગદર્શન હેઠળ પો.હેડ કોન્સ.અરવિંદભાઈ જાની તથા ધીરૂભાઈ બાંભણીયા તથા પો.કોન્સ.ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા બચુશા તથા SRD અફજલશા યુનુસશા નાઓ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સંયુકત બાતમી રાહે હકિકત મળેલ કે,મ્હે, જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ, મહુવાના નેગો.ઈન્જી.એકટ કલમ-૧૩૮ મુજબના કામે એક વર્ષની સાદી કેદ તથા ચેકની દોઢી રકમ વળતર પેટે ચુકવી આપવાના હુકમનો આરોપી અસરફભાઈ હનીફભાઈ લીલાણી ઉ.વ.૨૭ રહે, કોડીનાર,જીન પ્લોટ, જાનું નગર તા, કોડીનાર વાળો હાલ પાણી દરવાજા ખાતે હાજર હોય જે હકિકત આધારે તપાસ કરતા સદર આરોપી મળી આવતા કાયદેસરની પોલીસ ટીમે આરોપી અશરફને પકડી પાડી કાર્યવાહી કરી મહુવા કોર્ટ હવાલે મોકલી આપેલ છે.

# વિદેશમાં બાગાયતી પાકો નિકાસ કરવા માટે અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લામાં બાગાયતી પાકો જેવા કે કેરી, ચીકુ, જામફળ, સીતાફળ વગેરે ફળો તેમજ શાકભાજી પાકો જેવા કે સરગવો, ટામેટા, કાકડી, કેપ્સીકમ વગેરેની ખેતી કરતા ખેડૂતોને વિદેશમાં નિકાસ કરવા માટે ખેડૂતોએ પોતાના ખેતર કે બગીચાનું અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવાનું જરૂરી છે. આ રજીસ્ટ્રેશનની કામગીરી જિલ્લાની નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવે છે. નિકાસ કરવા માટે રસધરાવતા ખેડૂતોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવી જરૂરી સાધની કાગળો જેવા કે ૭/૧૨, ૮-અ, આધારકાર્ડની નકલ, ફાર્મનો નકશો તથા ફાર્મ ડાયરી વગેરે જે તે જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રી ની કચેરીએ અરજી કરવાની રહેશે. ત્યારબાદ અરજીની ચકાસણી કરી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવશે. આ અરજી ફોર્મ મેળવવા તથા આપવા માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, લઘુકૃષિ ભવન, બહુમાળી સામે, જૂનાગઢ સંપર્ક કરવાનો રહેશે. તેમ જૂનાગઢ જિલ્લા નાયબ બાગાયત નિયામકની યાદીમાં જણાવાયું છે.

# ટાટા કેમિકલ્સે સ્વ.કે.એસ. સોમશેખરન નાયરની યાદમાં ૨૩મી ઓખામંડલ સાયક્લોથોન યોજી





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ટાટા કેમિકલ્સ લિમિટેડે કે.એસ. સોમશેખરન નાયર મેમોરિયલ ઓપન ઓખામંડલ સાયકલોથોનની ૨૩મી એડિશનનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ પહેલ દ્વારા કંપનીએ ફિટનેસ અને સામુદાયિક ભાવનાની ઊજવણી કરતાં ટાટા કેમિકલ્સના કર્મચારીઓ અને અનેક સ્થાનિક રહીશોને એક કર્યા હતા. આ કાર્યક્રમ એ સોમન નાયર તરીકે ઓળખાતા સ્વ. શ્રી કે એસ સોમશેખરન નાયરને શ્રદ્ધાંજલિ હતી જેમણે ૧૯૮૪થી ૧૯૮૭ સુધી મીઠાપુર પ્લાન્ટ ખાતે એસ્ટેટ અને સિક્યોરિટી ઓફિસર તરીકે સેવાઓ આપી હતી. ટાટા કેમિકલ્સ ટાઉનશિપમાં યોજાયેલી આસાયકલોથોનમાં બે રેસ કેટેગરીઝ હતીઃ ૪૨ કિમી એન્ડ્યુરન્સ રેસ અને ૧૪ કિમી સ્પ્રિન્ટ. ભારતીય સમય મુજબ સવારે ૬.૦૦ વાગે પ્રારંભ થયેલી આ ઈવેન્ટમાં મોટાપાયે લોકોએ ભાગ લીધો હતો જેમાં દરેકે હેલ્થ અને વેલનેસ માટે ભારે ઉત્સાહ અને પ્રતિબદ્ધતા દર્શાવી હતી. દરેક સ્પર્ધકને ફિનિશર મેડલ, ટી-શર્ટ, ટાઈમિંગ બિબ્સ, હાઈડ્રેશન સપોર્ટ અને પોષક નાસ્તો સહિત રેસ માટે જરૂરી તમામ વસ્તુઓ આપવામાં આવી હતી જેના પગલે આ એક યાદગાર અને ખૂબ સારી રીતે સમર્થિત ઈવેન્ટ બની હતી. સાયકલોથોનમાં ૧૧૦ ટાટા કેમિકલ્સ કર્મચારીઓ સહિત ૨૧૨ લોકોએ ભાગ લીધો હતો. પ્રતાપ માણેકે ૧ કલાક ૨૪ મિનિટ અને ૧૩ સેકન્ડ્સમાં ૪૨ કિમી રેસ પૂરી કરીને પહેલું સ્થાન મેળવ્યું હતું. તેમના પછી ભાવેશ સુમાણિયા અને ઈમ્તિયાઝ રાજા અનુક્રમે પ્રથમ અને બીજા રનર્સ-અપ રહ્યા હતા. ટાટા કેમિકલ્સ લિમિટેડના ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર એન કામથે જણાવ્યું હતું કે "શ્રી કે એસ સોમશેખરન નાયરની પ્રતિબદ્ધતા અને પ્રમાણિકતા મીઠાપુર સમુદાયને પ્રેરિત કરી રહી છે. આ સાયકલોથોન ન કેવળ તેમની યાદનું સન્માન છે પરંતુ હેલ્થ અને ફિટનેસના મહત્વને પ્રમોટ પણ કરે છે. અમે સમુદાય તરફથી મળેલા ઉત્સાહભેર પ્રતિસાદ બદલ આભારી છીએ જે આ ઈવેન્ટની સફળતા માટે જરૂરી હતો." વિજેતા પ્રતાપ માણેકે જણાવ્યું હતું કે "શ્રી કે એસ સોમશેખરન નાયર મેમોરિયલ સાયક્લોથોનમાં ભાગ લેવું એ વિશેષાધિકાર છે. આ ઈવેન્ટ સૌહાર્દ અને ફિટનેસને પ્રોત્સાહન આપે છે અને આવી મહત્વપૂર્ણ પહેલનું આયોજન કરવા બદલ હું ટાટા કેમિકલ્સનો હૃદયપૂર્વક આભાર માનું છું." સાયક્લોથોનની ૨૩મી એડિશન એ શ્રી કે એસ સોમશેખરન નાયરના વારસાને પ્રેરણાત્મક રીતે જીવંત રાખીને કલ્યાણને પ્રોત્સાહન આપવા અને સામુદાયિક જોડાણને મજબૂત બનાવવા માટેની ટાટા કેમિકલ્સની પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## એનટીએમાં સુધારની ભલામણ

મેડિકલ, એન્જિનિયરિંગ સહત અન્ય અખિર્લભરતીય પરક્ષાઓ આયોજિત કરનારી સંસ્થા નેશનલ ટેસ્ટિંગ એજન્સી અર્થાત એનટીએમાં સુધારને લઈને જે ભલામણો કરવામાં આવી છે, તેને સ્વીકૃતિ મળે તેવા પૂરા અણસાર છે. એ પણ દેખાઈ રહ્યું છે કે આ ભલામણોને સ્વીકાર કરાયા બાદ એનટીએની કાર્યપ્રણાલીમાં સુધાર થશે અને ગયા વર્ષે નીટમાં ખામીઓને કારણે આ સંસ્થાની વિશ્વસનીયતાને જે ક્ષતિ પહોંચી હતી, તેની ભરપાઈ થઈ શકશે, પરંતુ આ બધું એના પર નર્ભર કરશે કે એનટીએમાં સુધાર માટે રચવામાં આવેલી રાધાકૃષ્ણન સમતિની ભલામણો પર યોગ્ય રીતે અમલ કરવામાં આવે છે કે નહીં.

નિશ્ચિત રૂપે આ સમયની માંગ છે કે એનટીએ જ્યાં સુધી સંભવ હોય, ત્યાં ઓનલાઈન સ્તર પર પરીક્ષાઓ આયોજિત કરાવે. જો છાત્રોની વધુ સંખ્યાને કારણે ઓફલાઈન પરીક્ષાઓ આયોજિત કરવાની બાધ્યતા હોય તો એવું કરવું જોઈએ, પરંતુ આ પદ્ઘતિમાં પણ એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે પ્રશ્નપત્ર ડિજિટલ સ્વરૂપે જ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવામાં આવે. તે ઉફરાંત એ પણ થવું જોઈએ કે પ્રશ્નપત્રોના કેટલાય સેટ તૈયાર કરવામાં આવે જેથી જો ક્યાંક ભૂલચૂક થઈ હોય તો રાષ્ટ્રીય સ્તર પર પરીક્ષાને સ્થગિત કે રદ કરવાની જરૂર ન પડે. તેનો કોઈ મતલબ નહીં કે ટેકનિકના આ યુગમાં પ્રશ્નપત્રો તૈયાર કરીને તેને છાપવામાં આવે અને પછી તેને દેશભરમાં પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવામાં આવે. આ પ્રક્રિયાને અનિવાર્ય રૂપે બંધ કરવી પડશે, કારણ કે પ્રશ્નપત્રોને મોકલવાની પ્રક્રિયામાં તેમની ગોપનીયતામાં ક્યાંય પણ ગાબડું પાડી શકાય છે. સામાન્ય રીતે પરીક્ષાઓમાં ગરબડ ત્યારે જ થાય છે જ્યારે કોઈને કોઈ સ્તર પર પ્રશ્નપત્ર લીક થઈ જાય છે. વાસ્તવમાં પ્રશ્નપત્રોને ડિજિટલ મોડમાં પરીક્ષા કેન્દ્રોમાં મોકલવાની વ્યવસ્થા એનટીએની સાથે સાથે અનય્ પરીક્ષાઓ વિશેષ રૂપે પ્રતિયોગી પરીક્ષાઓનું આયોજન કરનારી તમામ સંસ્થાઓએ કરવી જોઈએ. રાધાકૃષ્ણન સમિતિએ જે એક અન્ય મહત્ત્વપૂર્ણ ભલામણ કરી છે, તે એ છે કે પરીક્ષાઓમાં આઉટસોર્સિંગને સંપૂર્ણ રીતે ખતમ કરવું જોઈએ. એક એવા સમયે જ્યારે પરીક્ષાઓની ગોપનીયતા વારંવાર ભંગ થઈ રહી છે ત્યારે પછી એનટીએ જેવી એજન્સી માટે એ બિલકુલ ઠીક નથી કે તે કોન્ટ્રાક્ટ પર પરીક્ષાઓ કરાવે અને તેમના આયોજનમાં બાહ્ય લોકોની મદદ લે. તેની ભરપૂર આશંકા છે કે પરીક્ષાઓમાં ગરબડ માટે આ બહારના લોકો જ જવાબદાર હોય છે. રાધાકૃષ્ણન સમિતિની આ ભલામણ પરીક્ષાઓની વિશ્વસનીયતા જાળવી રાખવામાં સહાયક થનારી છે કે યથાસંભવ ખાનગી સ્કૂલોને પરીક્ષા કેન્દ્ર બનાવવાથી બચવામાં આવે. કારણ કે દેશના દરેક હિસ્સામાં કેન્દ્રીય વિદ્યાલય અને નવોદય વિદ્યાલય છે, તો પછી તેમને જ પરીક્ષા કેન્દ્ર બનાવવા જોઈએ. એવું એટલા માટે જરૂરી છે, કારણ કે ખાનગી સ્કૂલોમાં નકલ માફિયા કોઈને કોઈ રીતે પહોંચ બનાવવામાં સફળ થઈજાય છે. રાધાકૃષ્ણન સમિતિના આ સૂચનને અનિવાર્ય રૂપે સ્વીકાર કરવું જોઈએ કે એનટીએ પોતાના જ કર્મચારીઓના દમ પર પરીક્ષાઓનું સંચાલન કરે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વૈશ્વિક સ્તરે લઈ રહ્યું છે લીડરશીપ




બાકું, તા.૧૯

સસ્ટેનેબલ અને ઉર્જા-સ્થિતિસ્થાપક ભવિષ્ય તરફ ગુજરાતનું નેતૃત્વ કરતા રાજ્યના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ, UNDP, અને ટોચની ડેનિશ કંપનીઓ સાથે સંવાદ સાધીને ગુજરાત અગ્રહરોળમાં રહીને રોલ મોડલ બનવા માટે તત્પર દરિયાકિનારે અંદાજિત ૩૫-૪૦ ગીગાવોટ ઓફશોર પવનની સંભવિતતા ધરાવે છે, ગુજરાત ભારતના સ્વચ્છ ઉર્જા લક્ષ્યાંકોમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા તૈયાર ગુજરાત ક્લીન એનર્જીની દિશામાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરતા હરિત અને ટકાઉ ભવિષ્યનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યું છે રાજયના ઉર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ એ અઝરબૈજાનના બાકુમાં યોજાઈ રહેલા (ૐ૨૯) કૉન્ફરન્સમાં જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત રિન્યુ એબલ એનર્જી ક્ષેત્રે વૈશ્વિક સ્તરે લઈ લીડરશીપ લઈ રહ્યું છે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાતે પુનઃપ્રાપ્ય ઉર્જા અને સસ્ટેનેબલ વિકાસમાં તેના નેતૃત્વની વૈશ્વિક સ્તરે પુનઃ પુષ્ટિ કરી છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જય પ્રકાશ શિવહરે સહિતના વરિષ્ઠ અધિકારીઓ એ વૈશ્વિક નેતાઓ સાથે યોજાપેલ ઉચ્ચ સ્તરીય બેઠકોમાં ગુજરાતના આ પ્રતિનિધિ મંડળ અને સંસ્થાઓ એ હરિયાળી અને ઉર્જા-સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે રાજ્યની પ્રતિબદ્ધતાના નવતર આયામોની ભૂમિકા રજૂ કરી હતી. રિન્યુએબલ એનર્જી માટે પ્રતિબદ્ધતાઃ ૨૦૪૭ માટે ગુજરાતનું વિઝન-મંત્રીશ્રી દેસાઈએ ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણમાં ગુજરાતના પ્રોએક્ટીવ વલણને રજૂ કરતા જણાવ્યું હતું કે; ભારત આઝાદીની શતાબ્દી નિમિત્તે વર્ષ – ૨૦૪૭ સુધીમાં તેની નવીનીકરણીય ઉર્જા ક્ષમતાને વધારવા અને ઉર્જા સ્વ-નિર્ભરતા હાંસલ કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો નક્કી કર્યા છે. વ્યૂહાત્મક નીતિઓ અને કાર્યક્રમો દ્વારા ગુજરાત નો ઉદ્દેશ્ય એનર્જી સીક્યુરીટી અને આબોહવાની સ્થિતિસ્થાપકતા માટેની રાષ્ટ્રીય આકાંક્ષાઓને અનુરૂપ સસ્ટેનેબલ અને એફોર્ડેબલ ઊર્જા માટે સોલ્યુશન પૂરા પાડવાનો છે. મિશન ૧૦૦ ૪ઉ' અને ઈન્વેસ્ટમેન્ટમાં વધારો-ગુજરાતની પુનઃપ્રાપ્ય ઉર્જાનું કેન્દ્ર એ તાજેતરમાં શરૂ કરાયેલ 'મિશન ૧૦૦ ૪ઉ ઓફ રિન્યુએબલ એનર્જી' છે, જેનું અનાવરણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ૪થી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ ૨૦૨૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ મહત્વાકાંક્ષી યોજનાનો ઉદ્દેશ્ય નોંધપાત્ર રીતે રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં વધારો કરીને ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણમાં ગુજરાતને એક અગ્રણી રાજ્ય બનાવવાનું છે. શ્રી કનુભાઈ દેસાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વ્યાપાર-મૈત્રીપૂર્ણ વાતાવરણને ઉત્તેજન આપવું, રોકાણ આકર્ષવું અને નવીનતા અપનાવવી એ આ મિશનના મહત્ત્વના ઘટકો છે. રાજયના પ્રયાસો ગ્રીન હાઈડ્રોજન જેવા વિકસતા વિસ્તારો સુધી વિસ્તરે છે, જે ગુજરાતને સસ્ટેનેબલ આર્થિક વૃદ્ધિ અને નવીનીકરણીય ઉર્જા નવીનતા માટે વૈશ્વિક હબ તરીકે સ્થાન આપે છે. વૈશ્વિક ભાગીદારી અને ઓફશોર પવન ઉર્જા ક્ષેત્રની મહત્વાકાંક્ષાઓ ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડના પ્રતિનિધિઓ અને અગ્રણી આંતર રાષ્ટ્રીય હિતધારકો સાથેની દ્વિ-પક્ષિય બેઠક દરમિયાન ઓફશોર પવન ઊર્જા ક્ષેત્રમાં ગુજરાતની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. દરિયાકિનારે અંદાજિત ૩૫-૪૦ ગીગાવોટ ઓફશોર પવનની સંભવિતતા ધરાવે છે, ગુજરાત ભારતના સ્વચ્છ ઉર્જા લક્ષ્યાંકોમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા તૈયાર છે. શ્રી દેસાઈએ વ્યૂહાત્મક નીતિઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને વૈશ્વિક નેતાઓ સાથે સહયોગી સાહસો દ્વારા મજબૂત ઓફશોર વિન્ડ ઈકોસિસ્ટમ બનાવવાના રાજ્યના વિઝનને સ્પષ્ટ કર્યુ હતુ. ડેનમાર્કના મેન્યુફેક્ચરિંગ એસોસિએશન અને સ્દ્ભ કંપની જેવી કંપનીઓ સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપીને, ગુજરાતે ઓફશોર વિન્ડ એનર્જી રોકાણો માટે એક અગ્રણી સ્થળ તરીકે સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. સ્દ્ભ કંપનીના પ્રતિનિધિઓએ ઑફશોર પ્રોજેક્ટ્સ માટે આવશ્યક અદ્યતન દરિયાઈ કેબલ ટેક્નોલોજીનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું જ્યારે ડેનિશ કંપનીઓએ ગુજરાતની રિન્યુએબલ એનર્જી પહેલ પર સહયોગ કરવા માટે વિશેષ રુચિ દર્શાવી હતી. શ્રી દેસાઈએ સૌને સહયોગ માટે સંભવિત વિકલ્પો શોધવા અને ગુજરાતની પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રના સાક્ષી બનવા માટે પ્રતિનિધિ મંડળને ગુજરાતની મુલાકાત માટે ઔપચારિક આમંત્રણ આપ્યું હતું. સંપોષિત ભવિષ્ય (સસ્ટેનેબલ ફ્યુચર) માટેૅદ્રહૅ સાથે સંકલન-યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (ૅદ્રહૅ) સાથે ગુજરાતની પાર્ટનરશિપ ગુજરાત રાજ્યના સંપોષિત ભવિષ્ય માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રોગ્રામમાં વર્ષ-૨૦૪૭ સુધી ઝીરો એમિશન લક્ષ્ય હાંસલ કરવા, ગ્રીન ટેક્નોલોજીનો વ્યાપ વધારવા અને એનર્જી ટ્રાન્ઝિશન સરળ બનાવવાના મુદ્દા પર ચર્ચા થઈ હતી.ૅદ્રહૅના અસિસ્ટન્ટ સેક્રેટરી જનરલ શ્રીએ ગુજરાત સરકારની રાજકીય સ્થિરતા અને વિકાસ નીતિની પ્રશંસા કરતા જણાવ્યું કે, ગુજરાતની નીતિઓ વૈશ્વિક રીતે સસ્ટેનેબલ ગ્રોથ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે રોલ મોડલ તરીકે કામ કરે છે. વિકાસશીલ નીતિઓ અને સર્વગ્રાહી અભિગમ- મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં, ગુજરાત સરકારે ગુજરાત એનર્જી પોલિસી અને ગ્રીન હાઈડ્રોજન પોલિસી અમલમાં મુકી છે. પોતાના વિદ્યુત નેટવર્કમાં સુધારો કરી રાજ્યએ રિન્યુએબલ ઊર્જાનું સુચારુ રીતે પાવર ગ્રિડ સાથે કનેકશન સાધવામાં સફળતા મેળવી છે. રિન્યુએબલ ઊર્જાની પરિયોજનાઓને સમર્થન આપવા સરકારે વિશેષ રિવોલ્વિંગ ફંડ આપવાની નીતિ અમલમાં મૂકી છે. આવી નવીનીકરણ નીતિઓ અમલમાં મૂકી સરકાર આંતરરાષ્ટ્રીય પાર્ટનર્સનું ધ્યાન આકર્ષિત કરવાની સાથે રિન્યુએબલ એનર્જી ફંડિગ માટે રોલ મોડલ બની છે. નવી પ્રણાલીઓ અને સંકલનને વેગ આપીને ગ્લોબલ લીડર તરીકે ઉભરતું ગુજરાત-મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તેમજ જાણીતા ક્લાઈમેટ એક્ટિવિસ્ટ અનેૅદ્ર એન્વાયર્મેન્ટ પ્રોગ્રામના પૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એરિક સોલ્હેમે વૈશ્વિક મંચ પર ગુજરાતમાં વિકસી રહેલી રિન્યુએબલ એનર્જી અંગેની ચર્ચા કરી હતી. ગુજરાતે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે મેળવેલ સિદ્ધિ અને આ સફરના અનુભવોને રજૂ કરતાં ક્લાઈમેન્ટ ચેન્જના સંકટનો સામનો કરવા આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર માટે આહ્વાહન કર્યું. ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ,ૅદ્રહૅ, અને ટોચની ડેનિશ કંપનીઓ સાથે સંવાદ સાધીને ગુજરાત અગ્રહરોળમાં રહીને રોલ મોડલ બનવા માટે તત્પર છે. રાજ્ય સરકાર પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ્સ (ઁ૭)ના અમલીકરણ માટે પણ પ્રતિબદ્ધ છે. સરકારની નવા પ્રોજેક્ટની મંજૂરીની ઝડપી પ્રક્રિયા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રોકાણ માટે ભરોસાપાત્ર અને કુશળ પાર્ટનર તરીકે ગુજરાતની પ્રતિષ્ઠા આગળ ધપાવે છે. સસ્ટેનેબલ, ઊર્જાવાન ભવિષ્ય તરફ આગેકૂચ- (ૐ૨૯)માં નવા વિચારો, રોકાણો તથા અન્ય દેશોના સહકાર સાથે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતની આગેવાનીને વધુ સુદઢ બનાવવાની નેમ વ્યક્ત કરતા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની 'ગ્રીન ગુજરાત'ના સંકલ્પ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે કે, ગુજરાત ક્લીન એનર્જીની દિશામાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરતા હરિત અને ટકાઉ ભવિષ્યનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યું છે. ગુજરાત રિન્યુએબલ એનર્જીની દિશામાં આગળ વધીને વૈશ્વિક સ્તરે બીજા દેશો માટે રોલમોડલ બની તેમને પ્રેરિત કરી રહ્યું છે.

# દુનિયાભરમાં પેટ્રોલના ભાવ ગગડ્યાં, ભુતાન-પાકિસ્તાન જેવા ગરીબ દેશમાં પણ ભારત કરતાં સસ્તું



નવી દિલ્હી તા. ૧૯

છેલ્લા એક સપ્તાહથી ક્રૂડના ભાવમાં ઘટાડો નોંધાયો હોવા છતાં ઈન્ટરનેશનલ ઓઈલ બેન્ચમાર્કના આધારે ભાવમાં ફેરફાર કરતી ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ઘટાડો કર્યો નથી. દેશમાં પેટ્રોલનો આજનો સરેરાશ ભાવ રૂ. ૧૦૩.૪૪ પ્રતિ લિટર આસપાસ છે. ભારતમાં ઓઈલ માર્કેટિંગ પેટ્રોલિયમ કંપનીઓ એપ્રિલ બાદથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. ભારતમાં સૌથી સસ્તું ઈંધણ વેચાતું કેન્દ્રશાસિત પ્રદેશ અંદામાન નિકોબાર છે. જ્યાં પેટ્રોલની કિંમત રૂ. ૮૨.૪૨ પ્રતિ લિટર અને ડીઝલ રૂ. ૭૮.૦૧ પ્રતિ લિટર છે. ઉલ્લેખનીય છે, રાજ્યવાર ડ્યૂટી અને સેસ અલગ અલગ હોવાથી ભાવ અલગ અલગ હોય છે. અમદાવાદમાં પેટ્રોલનો ભાવ રૂ. ૯૪.૭૭ પ્રતિ લિટર આસપાસ છે.

ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પંદર દિવસના ગાળામાં ઈન્ટરનેશનલ ઓઈલ બેન્ચમાર્કના આધારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફેરફાર કરતી હોય છે. જેથી વર્તમાન ભાવ ઘટાડાને ધ્યાનમાં લેતાં અપેક્ષા છે કે, નવેમ્બરની શરૂઆતમાં પેટ્રોલ-ડીઝલ સસ્તું થઈ શકે છે. ક્રૂડના ભાવમાં ઘટાડાના લીધે વિશ્વભરના અનેક દેશો ખાસ કરીને ભારતના પાડોશી દેશોમાં પેટ્રોલ સસ્તું થયું છે. શ્રીલંકા સિવાય ભૂતાન, બાંગ્લાદેશ, ચીન, પાકિસ્તાન, મ્યાનમારમાં પણ ભારત કરતાં પેટ્રોલ રૂ. ૩૭ સસ્તું મળી રહ્યું છે.

ચીન દ્વારા આર્થિક વૃદ્ધિમાં રિકવરી માટે રાહત પેકેજ જારી કરવામાં આવતાં ક્રૂડની માગ વધી છે. જો કે, મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે સપ્લાયમાં અછત સર્જાય તે ભીતિ વચ્ચે ક્રૂડના ભાવ છેલ્લા એક સપ્તાહમાં ૭ ટકા ઘટ્યા છે. જો કે, આજે અરામ્કોના સીઈઓએ ચીનની માગ પ્રત્યે બુલિશ વલણ જાહેર કરતાં ક્રૂડના ભાવ સ્થિર થયા છે. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ આજે ૮ સેન્ટ વધી ૭૩.૧૪ ડોલર પ્રતિ બેરલ પર ક્વોટ થઈ રહ્યું હતું.

પાકિસ્તાનમાં આજે પેટ્રોલનો ભાવ પાકિસ્તાની રૂ. ૨૪૭ પ્રતિ લિટર છે. જેને ભારતીય રૂપિયામાં કન્વર્ટ કરીએ તો પાકિસ્તાનમાં રૂ. ૭૪.૮૦ પ્રતિ લિટરના ભાવે પેટ્રોલ વેચાઈ રહ્યું છે. જ્યારે ભારતમાં પેટ્રોલનો સરેરાશ ભાવ ૧૦૩.૪૪ પ્રતિ લિટર છે. જ્યારે નેપાળમાં રૂ. ૯૮, ચીનમાં રૂ. ૯૫.૧૪ પ્રતિ લિટરના ભાવે પેટ્રોલ વેચાઈ રહ્યું છે. બાંગ્લાદેશમાં પણ રૂ. ૮૫.૦૯ પ્રતિ લિટર, મ્યાનમારમાં ૮૩.૭૦ પ્રતિ લિટરના ભાવે પેટ્રોલ મળી રહ્યું છે. ભૂતાનમાં પેટ્રોલ ભારતની તુલનાએ રૂ. ૩૭ સસ્તું છે. ભારતના પાડોશી દેશોમાં માત્ર શ્રીલંકામાં પેટ્રોલ ભારતની તુલનાએ મોંઘુ મળી રહ્યું છે. અહીં પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૮.૦૬ પ્રતિ લિટર આસપાસ છે. રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ દરમિયાન ક્રૂડના ભાવ રેકોર્ડ ૧૩૦ ડોલર પ્રતિ બેરલના સ્તરે પહોંચ્યા હતા. જો કે, બાદમાં ઘટી ૯૦ ડોલર પ્રતિ બેરલ થયા હતા. ઈઝરાયલ-હમાસ યુદ્ધની અસર જોવા મળી હતી. પરંતુ ગત સપ્તાહથી ક્રૂડના ભાવ સતત ઘટ્યા હતા. પરિણામે પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે, ભારતીય રૂપિયો તેના પાડોશી દેશોની કરન્સી કરતાં મજબૂત છે. પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળની કરન્સી સામે ભારતીય રૂપિયો મજબૂત છે. ચીનના યુઆન કરતાં ભારતીય રૂપિયો વધુ મૂલ્ય ધરાવે છે. પરંતુ તેની કુલ આવક, ખાધને ધ્યાનમાં લેતાં ભારતીય રૂપિયો ચીનના યુઆન કરતાં નબળો છે.

# એમ.એ.(અંગ્રેજી)ની પરીક્ષાનું ખૂબ જ મોડું જાહેર થતું પરિણામ નિયત સમય મર્યાદામાં જાહેર કરવા યશવંત જનાણીની કુલપતિ કમલસિંહ ડોડીયા સમક્ષ રજૂઆત

રાજકોટ તા.૧૯

સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી યશવંત જનાણીએ કુલપતિ ડો. કમલસિંહ ડોડીયાને પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે "છેલ્લા પાંચ વરસથી એમ.એ.(અંગ્રેજી) વિષયનું પરિણામ નિયમિતરીતે ખૂબ જ મોડું જાહેર થાય છે. એપ્રિલ-૨૦૨૪માં લેવાયેલ એમ.એ.(અંગ્રેજી) સેમેસ્ટર-૨ની પરીક્ષાનું પરિણામ સપ્ટેમ્બર ૨૦૨૪માં (૫ મહિના બાદ) જાહેર કરવામાં આવેલ છે. આમ એમ.એ.(અંગ્રેજી)નું પરિણામ અન્ય અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓના પરિણામ કરતાં ઘણું મોડું જાહેર થાય છે જે આપશ્રી પરીક્ષા વિભાગના છેલ્લા પાંચ વરસનાં રેકર્ડ ઉપરથી ખરાઈ કરી શકો છો. નિયમોનુસાર અનુસ્નાતક કક્ષાની પરીક્ષાનું મૂલ્યાંકન કાર્ય સિનિયર મોસ્ટ અધ્યાપકોને સોંપવામાં આવતું હોય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના અંગ્રેજી ભવનમાં માસિક ત્રણ લાખનો પગાર મેળવતા ચાર સિનિયર પ્રાધ્યાપકો સહીત કુલ સાત કાયમી અધ્યાપકો ફરજ બજાવી રહ્યા છે. આ સ્થિતિમાં અંગ્રેજી ભવનના સિનિયર પ્રાધ્યાપકો દ્વારા નિયત સમય મર્યાદામાં મૂલ્યાંકન કામગીરી પૂર્ણ કરવામાં આવે તો પરીક્ષા વિભાગ અન્ય વિષયોના પરિણામની સાથે જ એમ.એ.(અંગ્રેજી)નું પરિણામ જાહેર કરી શકે. પરિણામો મોડા મળવાના કારણે અંગ્રેજી ભવન અને અન્ય અનુસ્નાતક કેન્દ્રોના તેજસ્વી વિદ્યાર્થીઓની કારકીર્દી સાથે ચેડા થાય છે. છાત્રોને પોતાના ટાર્ગેટ મુજબના પરિણામ માટે આગામી પરીક્ષાની તૈયારીઓ બાબતે ખૂબ જ મોડા પરિણામને કારણે સમય મળતો નથી. આમ અધ્યાપકોની મૂલ્યાંકન કાર્ય પ્રત્યેની ઉદાસીનતાના ભોગ અંગ્રેજીના વિદ્યાર્થીઓ બને છે. ઉપરોક્ત બાબતની ગંભીરતાને ધ્યાને લઈ ભવિષ્યમાં એમ.એ.(અંગ્રેજી)ની તમામ પરીક્ષાઓનું પરિણામ એક મહિનાની અંદર જાહેર થાય તેનો પ્રબન્ધ કરવા વિનંતિ ". અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦થી એમ. એ. અંગ્રેજીનું પરિણામ હર હંમેશ અન્ય વિષયો કરતા ખૂબજ મોડું જાહેર થાય છે. પરીક્ષાની કામગીરી અધ્યાપકો માટે ફરિજયાત હોવા છતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા નિયામક અંગ્રેજીના કેટલાંક વગદાર સિનિયર અધ્યાપકોની લાલિયાવાળી ચલાવી લે છે પરિણામે એમ. એ. અંગ્રેજીના વિદ્યાર્થીઓએ પરિણામની મહિનાઓ સુધી રાહ જોવી પડે છે.

# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ખાતે દાદાને દિવ્ય વાઘાનો શણગાર કરવામાં આવ્યો





(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૯

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તા.૧૭-૧૧-૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. દાદાને દિવ્ય વાઘાનો શણગાર તથા ફુલનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરની યજ્ઞશાળામાં મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આજે સવારે વડતાલ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી કષ્ટભંજનદેવના દર્શને સાળંગપુરધામ પધાર્યા હતા. ભક્તો દ્વારા ધજા ચઢાવી સંગીત વાદ્ય સાથે નૃત્ય કર્યુ હતું, ભક્તોએ આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનોઅનુભવ કર્યો હતો.

## તમે ૧૦૦ રૂપિયાનું પેટ્રોલ પૂરાવો છો, તો પેટ્રોલ પંપ ડીલરને કેટલી થાય કમાણી? જાણો

નવી દિલ્હી તા. ૧૯

હાલ ગુજરાતમાં પેટ્રોલની સરેરાશ કિંમત આશરે ૯૪- ૯૫ રૂપિયા પ્રતિ લીટર છે. બિહારમાં ૧૦૬ રૂપિયામાં મળે છે. જ્યારે આંદામાન અને નિકોબારમાં તે ૮૨ રૂપિયા પ્રતિ લિટર મળી રહ્યું છે. આ રીતે પેટ્રોલના દર દરેક જગ્યાએ અલગ-અલગ હોય છે. જેના કારણે કમાણી કરાયેલ આવક સ્થળ પ્રમાણે બદલાય છે. જો કે, કમિશનનો દર દરેક જગ્યાએ સમાન છે.

આવો હવે એ જાણીએ કે, પેટ્રોલ પંપ માલિકો પેટ્રોલ વેચીને કેટલી કમાણી કરે છે. હકીકતમાં ઓપરેટરોને પેટ્રોલના વેચાણ માટે લીટર દીઠ કમિશન મળે છે. એ તેમનો નફો છે.ડીલરોને પેટ્રોલ માટે ૧,૮૬૮.૧૪ રૂપિયા પ્રતિ કિલોલીટર અને ડીઝલ માટે ૧,૩૮૯.૩૫ રૂપિયા કમિશન મળે છે.

હવે જાણી લો કે એક કિલોલીટર એટલે એક હજાર લીટર પેટ્રોલ. આ હિસાબે એક લીટર પર લગભગ ૨ રૂપિયાનું કમિશન મળે છે. આ હિસાબે ૧૦૦ રૂપિયાનું પેટ્રોલ વેચીને પંપ માલિકો લગભગ ૨.૫ રૂપિયા કમાણી કરે છે. આ ઉપરાંત એક લિટર પેટ્રોલ માટે આપણે જેટલી કિંમત ચૂકવીએ છીએ. તે કિંમતનો લગભગ અડધો ભાગ ટેક્સમાં જાય છે. આ ટેક્સમાં કેન્દ્ર અને રાજ્યનો પણ હિસ્સો હોય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રભુનું નામ લેશે તે મૂક્ત થઈ જશે.

- બાઈબલ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૪, તા.૧૯ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૧૬, આર્દ્રા નક્ષત્ર, સાધ્ય યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૦૮, સૂ.અ.૬:૦૫
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં અશાંતિ રહે.
વૃષભ:દરેક કાર્ય વિલંબથી પૂર્ણ થાય. કાર્યભારમાં વધારો થાય.
મિથુન:મળેલી તકને ઝડપી લેવી, નવિન પ્રગતિ થાય.
કર્ક: વ્યવસાયિક કાર્યોમાં આકસ્મીક લાભ થાય. મન પ્રસન્ન રહે.
સિંહ: ભાગીદારીથી લાભ થાય.ધારેલા કાર્યો પૂર્ણ થાય.
કન્યા: નવિન આવકના દ્વાર ખુલે. મનની બેચેની દૂર થાય.
તુલા: વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. આકસ્મીક યાત્રાના યોગ છે.
વૃશ્ચિક:અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. ખર્ચ ઉપર કાબુ રાખવો.
ધન: વાણી સંયમ જાળવવો. સરકારી કાર્યમાં રૂકાવટ આવે.
મકર: મનની મનોકામના પૂર્ણ થાય. ધીરજના ફળ મીઠા મળે.
કુંભ: સાહસિક કાર્યોમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સફળતા.
મીન: મિત્ર વર્ગ સાથે મતભેદ રહે. અચાનક ધન લાભ થાય.

# વિશ્વને ઘેલું લગાડનાર કોલ્ડપ્લે અમદાવાદમાં મચાવશે ધૂમ : બંને શોની બધી ટિકિટ વેચાઈ ગઈ

**પ્રથમ એક શો હાઉસફૂલ થતાં વધુ એક શોની જાહેરાત કરાઈ ને તે પણ થયો હાઉસફૂલ**



અમદાવાદ, તા.૧૯

સંગીત ક્ષેત્રે ઘણા સમયથી ચર્ચામાં રહેલા અને આખું વિશ્વ જેની પાછળ ઘેલું થયું છે એ કોલ્ડપ્લેનો કોન્સર્ટ ગુજરાતમાં યોજાવા જઈ રહ્યો છે. આગામી ૨૫ અને ૨૬મી જાન્યુઆરીના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સંગીતનો ભવ્ય જલસો થશે. એ કોલ્ડપ્લે કોન્સર્ટના બંને શોની તમામ ટિકિટો માત્ર બે કલાકમાં જ 'SOLD OUT' થઈ ગઈ. અંદાજે અઢી લાખ લોકો કોલ્ડપ્લેનો કોન્સર્ટ અટેન્ડ કરશે. મુંબઈમાં ત્રણ શો હાઉસફુલ થઈ ગયા છે. એની ટિકિટો લાખોમાં બ્લેકમાં વેચાઈ હતી. ત્યારે અમદાવાદમાં કોન્સર્ટની જાહેરાત થતાં શહેરની હોટલ્સ હાઉસફુલ થવાની સંભાવના છે. આ શો જોવા માટે બીજા રાજ્યના લોકો પણ આવશે. મોદી સ્ટેડિયમમાં ૧.૨૫ લાખ જેટલી કેપેસિટી હોવાથી શહેરમાં બે દિવસ મ્યુઝિક રસિકોનું ઘોડાપૂર ઊમટશે. ત્યારે અમદાવાદના શોની ટિકિટો પણ બ્લેકમાં વેચાય એવી શક્યતા સેવાઈ રહી છે. અમદાવાદમાં કોલ્ડપ્લેના ૨૫ જાન્યુઆરીના શોની ટિકિટો ધડાધડ વેચાઈ જતાં બુક માય શો દ્વારા કોલ્ડપ્લેના ચાહકો માટે વધુ એક ૨૬ જાન્યુઆરીએ બીજો શો જાહેર કરવામાં આવ્યો હતો. જેને પગલે બીજા શોની પણ ટિકિટો હાથોહાથ વેચાઈ ગઈ હતી. કોલ્ડપ્લેના કોન્સર્ટને લઈને અમદાવાદમાં હોટલોનાં ભાડાંમાં ૧૩ ગણો વધારો થયો છે, જ્યારે ફ્લાઈટોનાં ભાડાંમાં પણ વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે. અમદાવાદમાં કોલ્ડપ્લેનો કોન્સર્ટ યોજાવાનો છે, જેમાં દેશભરમાંથી જ નહિ, પરંતુ વિશ્વભરમાંથી લોકો આવવાના છે. ત્યારે લોકો અમદાવાદની હોટલમાં પણ રોકાશે. અમદાવાદની જાણીતી અને ફાઈવસ્ટાર હોટલમાં કોન્સર્ટના અગાઉના દિવસના હોટલના ભાવ સામાન્ય દિવસ કરતાં ૧૩ ગણા સુધી વધ્યા છે. તો કેટલીક જાણીતી હોટલમાં અત્યારથી જ તમામ રૂમ બુક થઈ ગયા હોવાથી હોટલો પણ હાઉસફુલ થઈ રહી છે. ફ્લાઈટ અને હોટલોની બુકિંગ માટે જાણીતી વેબસાઈડ અગોડામાં અત્યારે ૨૩થી ૨૬ જાન્યુઆરીની તારીખોમાં અમદાવાદની ૮૦% હોટલો બુક બતાવી રહી છે. અમદાવાદની હોટલના ભાવમાં ધરખમ વધારો થયો છે. હોટલમાં જે ભાડું સામાન્ય દિવસમાં ૬થી ૧૦ હજાર સુધી હતું એ ૮૦ હજાર સુધી પહોંચ્યું છે. હોટલનાં ભાડામાં ૧૩ ગણા સુધીનો વધારો થયો છે, કેટલીક હોટલમાં તો હવે રૂમ પણ મળી શકે એમ નથી. ૨૩ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી સુધી હોટલોના મોટાભાગના રૂમ હાઉસફુલ થઈ ચૂક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોલ્ડપ્લે બેન્ડ લગભગ ૯ વર્ષ પછી ભારતમાં પર્ફોર્મ કરવા જઈ રહ્યું છે, આ બેન્ડનું લાઈવ પર્ફોર્મન્સ જોવા માટે સંગીતરસિકોમાં ભારે ક્રેઝ જોવા મળે છે. આ બેન્ડ વર્ષ ૨૦૨૨થી મ્યુઝિક ઓફ ધ સ્ફિયર્સ વર્લ્ડ ટૂર કરી રહ્યું છે, જેની યાદીમાં મુંબઈ અને હવે અમદાવાદનું પણ નામ જોડાઈ ગયું છે. આ બેન્ડમાં મુખ્ય ગાયક ક્રિસ માર્ટિન, ગિટારિસ્ટ જોની બકલેન્ડ, બેસિસ્ટ ગાય બેરીમેન અને ડ્રમર વિલ ચેમ્પિયન સહિત ૪ સભ્ય છે. ફિલ હાર્વે આ ગ્રુપનો મેનેજર છે.

# ગુજરાતના ૧૦,૦૦૦ હોમગાર્ડ જવાનો મહારાષ્ટ્રમાં ચૂંટણી ફરજ માટે ફાળવાયા

અમદાવાદ, તા.૧૯

મહારાષ્ટ્રમાં આગામી ૨૦ નવેમ્બરના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી જીતવા તમામ પક્ષ એડીથી ચોટીનું જોર લગાવી રહી છે. ત્યારે વિધાનસભાની સામાન્ય ચૂંટણી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કરવા ચૂંટણીપંચ તૈયારીમાં જોતરાયું છે. ચૂંટણી પંચે વલસાડ જિલ્લાના ૨૫૦ હોમગાર્ડ જવાનો સહિત રાજ્યમાંથી ૧૦ હજાર હોમગાર્ડ જવાનો અને ૨૫૦ હોમગાર્ડ અધિકારીઓની મહારાષ્ટ્ર વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ફળવ્યા છે. જેને લઈને વલસાડ હોમગાર્ડ કચેરીએથી જિલ્લાના ૨૫૦ હોમગાર્ડ જવાનો મહારાષ્ટ્ર ચૂંટણીના બંદોબસ્ત માટે રવાના થયા હતા. વલસાડ જિલ્લાને અડીને આવેલા મહારાષ્ટ્રમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. આગામી ૨૦મી નવેમ્બરના રોજ મહારાષ્ટ્રની સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાશે. ચૂંટણી પંચ દ્વારા શાંતિ પૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ચૂંટણી વિભાગ દ્વારા ફાળવવામાં આવનાર છે. જેમાં વલસાડ જિલ્લાના ૨૫૦ હોમગાર્ડ જવાન સહિત ગુજરાત રાજ્યમાંથી ૧૦ હજાર જેટલા હોમગાર્ડ જવાનો અને ૨૫૦ જેટલા હોમગાર્ડ આધિકારીઓને મહારાષ્ટ્ર ખાતે ચૂંટણી બંદોબસ્ત ફાળવામાં આવેલ છે. જેને લઈને વલસાડ જિલ્લા હોમગાર્ડ કચેરી ખાતેથી મહારાષ્ટ્ર ચૂંટણીબંદોબસ્ત માટે ૨૫૦ હોમગાર્ડ જવાન મહારાષ્ટ્ર જવા રવાના થયા હતા. એ જ રીતે રાજયના અન્ય જિલ્લાઓમાંથી તબક્કાવાર હોમગાર્ડના જવાનો મહારાષ્ટ્ર તરફ રવાના થઈ રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં ફરજ નિભાવ્યા બાદ ચૂંટણી પૂર્ણ થયેજવાનો પરત ફરશે.

# શહેરમાં પ્રદૂષણ વધતાં દિલ્હીની પ્રાથમિક શાળાઓમાં ઓનલાઈન વર્ગો લેવામાં આવશે

**દિલ્હી-એનસીઆરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના સ્ટેજ ૩ હેઠળ પ્રતિબંધો લાદવામાં આવ્યા બાદ પ્રાથમિક વર્ગોને ઓનલાઈન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો**

નવી દિલ્હી તા.૧૯

દિલ્હીની હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં છે ત્યારે શહેરની સરકારે જાહેરાત કરી હતી કે ધોરણ પાંચ સુધીના વિદ્યાર્થીઓ માટેના તમામ વર્ગો ઑનલાઇન મોડ ઉપર સ્વિચ કરવામાં આવશે. દિલ્હીના મુખ્યપ્રધાન આતિશીએ ઠ પર લખ્યું વધતા જતાં પ્રદૂષણના સ્તરને કારણે, દિલ્હીની તમામ પ્રાથમિક શાળાઓ આગળના નિર્દેશો સુધી, ઑનલાઇન વર્ગોમાં શિફ્ટ કરવામાં આવશે. તદનુસાર, શિક્ષણ નિયામક કચેરીએ હાલમાં જ પ્રાથમિક વર્ગો બંધ કરવાનો આદેશ જારી કર્યો હતો. દિલ્હીમાં ડિરેક્ટોરેટ ઑફ એજ્યુકેશન (DoE), MCD, NDMC અને DCBની તમામ સરકારી, સરકારી સહાયિત અને બિન-સહાયિત ખાનગી માન્યતા પ્રાપ્ત શાળાઓને ધોરણ પાંચ સુધીના બાળકો માટે શાળાઓમાં શારીરિક વર્ગો બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે. આગામી આદેશો સુધી આ વર્ગોના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન મોડમાં વર્ગો થશે. દિલ્હી-એનસીઆરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના સ્ટેજ ૩ હેઠળ પ્રતિબંધો લાદવામાં આવ્યા બાદ પ્રાથમિક વર્ગોને ઓનલાઈન ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પગલાંઓમાં બાંધકામ અને ડિમોલિશન પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ અને દિલ્હીમાં ચોક્કસ વાહનોના પ્રવેશ ઉપરની મર્યાદાઓનો સમાવેશ થાય છે. દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC)એ અઠવાડિયાના દિવસોમાં વધારાની ૨૦ ટ્રિપ્સની જાહેરાત કરી છે. આ GRAP-IIના અમલીકરણ પછી પહેલેથી કાર્યરત ૪૦ વધારાની ટ્રિપ્સ ઉપરાંત છે. દિલ્હી મેટ્રો હવે અઠવાડિયાના દિવસો દરમિયાન કુલ ૬૦ વધારાની ટ્રિપ્સ ચલાવશે, જેનો ઉદ્દેશ્ય વધુ મુસાફરોને સમાવવા અને પ્રદૂષણને કારણે શહેરમાં ભીડ ઘટાડવાનો છે. જ્યાં સુધી GRAP-III માર્ગદર્શિકા અમલમાં છે ત્યાં સુધી આ વધારાની સેવાઓ અમલમાં રહેશે. તાજેતરમાં જ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) વધીને ૪૩૨ થઈ જવા સાથે દિલ્હીની હવાની ગુણવત્તા આ અઠવાડિયે 'ગંભીર' સ્તરે પહોંચી હતી. સ્થિતિ વધુ બગડવાની આગાહી કરવામાં આવી છે. તેમ કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)એ સખત પ્રદૂષણ વિરોધી પગલાં રજૂ કર્યા હતા. GRAP-III માં પણ પગલાં લાગુ થશે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ૦-૫૦ ની AQI રીડિંગને "સારા" તરીકે અને ૪૦૧થી ઉપરની "ગંભીર" તરીકે વ્યાખ્યાયિત કરે છે, જે તંદુરસ્ત લોકોને અસર કરે છે અને હાલના રોગોવાળા લોકોને "ગંભીર અસર" કરે છે. બુધવારે સાંજે દિલ્હીનું AQI સ્તર ૪૨૯ને સ્પર્શ્યું હતું અને રાત્રે ૧૧ વાગ્યે વધીને ૪૫૨ થઈ ગયું હતું. ગુરુવારે સવારે ૬ વાગ્યે AQI 432 હતો. તબીબી વ્યાવસાયિકોએ વારંવાર ચેતવણી આપી છે કે "ખૂબ જ નબળી" હવાની ગુણવત્તાના લાંબા ગાળાના સંપર્કમાં રહેવાથી શ્વસન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે, જ્યારે ગંભીર AQI સ્તર તંદુરસ્ત વ્યક્તિઓને પણ અસર કરી શકે છે અને હાલની આરોગ્યની સ્થિતિ ધરાવતા લોકો માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે.

# ૨ કરોડથી વધારે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવાની ટ્રમ્પની ટ્રિલિયન-ડોલર યોજના જાહેર

**ડોનાલ્ડ ટ્રમ્પ મેક્સિકો સાથેની દક્ષિણ સરહદને બંધ કરવા સહિત 'શોક અને ધાક'ના પગલાની તૈયારી કરી રહ્યા છે, તેઓ તેમના પ્રમુખપદના પ્રથમ દિવસે જ ઘણા એક્ઝિક્યુટિવ ઓર્ડર ઉપર સહી કરે તેવી અપેક્ષા છે**



(એજન્સી) તા.૧૯

તેમના ચૂંટણી પ્રચાર દરમ્યાન ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેમની પ્રથમ દિવસની પ્રાથમિકતા યુએસ ઈતિહાસમાં 'સૌથી મોટી સામૂહિક દેશનિકાલ' શરૂ કરવાની રહેશે. પરંતુ કેવી રીતે અણધારી રિપબ્લિકન તેના ધ્યેયને હાંસલ કરવાની યોજના ધરાવે છે તે વિષે એક વકીલ કે જેઓ ટ્રમ્પની માર-એ-લાગો વાટાઘાટોને જાણતા હતા, તેમણે મીડિયાના કેરોલિન ગ્રેહામને કહ્યું કે, પ્રમુખ-ચૂંટાયેલા 'આઘાત અને ધાક' આપતા પગલાની તૈયારી કરી રહ્યા છે. પ્રથમ દિવસથી જ ટ્રમ્પ એક્ઝિક્યુટિવ ઓર્ડર ઉપર શાહી કરવા માટે તૈયાર છે, જેમાં દક્ષિણ સરહદને અસ્થાયી રૂપે બંધ કરવાનો સમાવેશ થાય છે, જેથી અધિકારીઓ પેન્ડિંગ કેસોને ક્લિયર કરી શકે. તેમના પ્રથમ કાર્યકાળ દરમ્યાન ટ્રમ્પે મેક્સિકન સરહદ ઉપર લગભગ ૭૦૦ માઈલ વિવાદાસ્પદ દીવાલ બનાવી હતી જ્યારે બાકીના ૧૩૦૦ માઈલ વિભાગને જો બાઈડેન દ્વારા અટકાવવામાં આવ્યો હતો. કામ પૂર્ણ કરવા માટે લગભગ ૮૦૦ કરોડ ડૉલરની જરૂર છે અને ટ્રમ્પે બાંધકામ માટે પ્રાયોજકોને આમંત્રિત કરીને તેને પૂર્ણ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. ટ્રમ્પના મતે ૨ કરોડ એવા ઈમિગ્રન્ટ્સ છે જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહે છે. તેમાંથી ૧ કરોડ લોકોને વિદાઈ લઈ રહેલ જો બાઈડેન વહીવટીતંત્ર દ્વારા પ્રવેશની મંજૂરી આપવામાં આવી હતી. ટ્રમ્પની યોજના સમજાવતા ગ્રેહામે કહ્યું કે, ત્રણ સ્ટેપ છે. પગલું ૧ ગુનાહિત ટોળકી સાથે સંકળાયેલા બિનદસ્તાવેજીકૃત વ્યક્તિઓ ઉપર કાર્યવાહી કરવાનું છે. 'ઓપરેશન ઓરોરા' તરીકે ઓળખવાયેલ આપગલામાં, ટ્રમ્પ એલિયન એનિમીઝ એક્ટ ૧૭૯૮નો અમલ કરશે, જે તેમને યુદ્ધના સમય દરમ્યાન 'પ્રતિકૂળ રાષ્ટ્રો'માંથી બિન-નાગરિકોને અટકાયત અને દેશનિકાલ કરવાની મંજૂરી આપે છે. આનાથી યુએસમાં સાત લાખ વેનુઝુએલાઓ, હૈતીયન, ક્યુબન્સ અને નિકારાગુઆન્સને અસર થવાની ધારણા છે. જો આ દેશો તેમને પાછા લેવાનો ઈનકાર કરશે તો ટ્રમ્પ ટ્રાવેલ પ્રતિબંધ લાગુ કરશે અને સહાયને અવરોધિત કરશે. પગલું ૨ તેમની અરજીઓ નકારી કાઢવામાં આવ્યા પછી દેશનિકાલની સૂચિમાં રહેલા ૧૦ લાખ લોકો ઉપર કાર્યવાહી કરશે અને પગલું ૩ કામના સ્થળો ઉપર દરોડા પાડીને બાકીના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને નિશાન બનાવવાનું રહેશે. જો કે, પ્રથમ બે પગલાં ખર્ચાળ હોવાની ધારણા છે, આશરે ૩૦,૦૦૦ કરોડ ડૉલરનો અંદાજ છે. આ ઉપરાંત આ ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવા માટે લગભગ ૧ લાખ કરોડ ડૉલરનો ખર્ચ કરવો પડી શકે છે. એવી આશંકા છે કે, ટ્રમ્પના આ પગલાથી અમેરિકી અર્થતંત્રને નુકસાન થઈ શકે છે. તેમના ગૃહ રાજ્ય ફ્લોરિડામાં જ્યાં રોન ડીસેન્ટિસ ગવર્નર છે, ૧૮ મહિના પહેલા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. જો કે, હવે રાજયના ખેડૂતો સસ્તા મજૂર મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

## હરિયાણાનો ૧૫૦૦ કિલોનો પાડો અનમોલ સોશિયલ મીડિયા સ્ટાર બન્યો, તેની કિંમત બે રોલ્સ રોયસ કાર જેટલી



(એજન્સી) તા.૧૯

હરિયાણાનો અનમોલ નામનો બળદ ૧૫ મર્સિડીઝ અને બે રોલ્સ રૉયસ કાર કરતાં મોંઘો છે. ૧૫૦૦ કિલોનો વજનદાર અનમોલ માત્ર ૮ વર્ષનો છે પણ એની કિંમત ૨૩ કરોડ રૂપિયા જેટલી છે. આટલા રૂપિયા હોય તો દોઢ કરોડની કિંમતની ૧૫ મર્સિડીઝ અથવા ૧૨ કરોડની કિંમતની બે રોલ્સ રૉયસ ખરીદી શકાય. પુષ્કરના મેળામાં અને મેરઠના અખિલ ભારતીય કિસાન મેળા જેવા કાર્યક્રમોમાં અનમોલના બહુ મોલ બોલાય છે. જાણકારો એવું કહે છે કે લક્ઝરી કાર કે હાઈ-એન્ડ રિયલ એસ્ટેટની જેટલી ડિમાન્ડ હોય છે એટલી જ ડિમાન્ડ અનમોલના વીર્યની છે. તેને રોજ ૨૫૦ ગ્રામ બદામ, ૪ કિલો દાડમ, ૩૦ કેળાં, પાંચ લીટર દૂધ અને ૨૦ પ્રોટીનથી ભરપૂર ઈંડાં ખવડાવાય છે. એ સિવાય લીલો ચારો, દેશી ઘી, સોયાબીન અને મકાઈ પણ ખવડાવાય છે. આમાં રોજના ૧૫૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે. અનમોલને સ્વસ્થ રાખવા માટે બદામ અને સરસવના તેલથી રોજ બે વાર સ્નાન કરાવાય છે. તેના સીમેનની કિંમત પણ ૨૫૦ રૂપિયા છે અને એમાંથી ૩૦૦થી ૯૦૦ બચ્ચાં જન્મી શકે છે. સીમેન વેચીને તેના માલિક ગિલ મહિને ૪થી પાંચ લાખ રૂપિયા રળે છે.

# રાજ્યમાં આગામી દિવસોમાં પવનની દિશા બદલાતા ઠંડીના પ્રમાણમાં વધારો થશે

અમદાવાદ, તા.૧૯

આગામી સપ્તાહને અનુલક્ષી રાજ્યમાં હવામાન અંગેની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકુ રહેશે. વર્તમાન તાપમાન આગામી ત્રણ દિવસ વાતાવરણ યથાવત રહેશે. ત્યારબાદ તાપમાનમાં ૨થી ૩ ડીગ્રીનો ઘટાડો થશે. ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ ગાંધીનગરમાં નોંધાયું હતું. હવે સૌરાષ્ટ્રના ભાગોમાં પણ તાપમાન ઓછું થયું છે. કચ્છ અને ઉત્તર ગુજરાતમાં લઘુતમ સામાન્ય કરતા વધારે નોંધાયું છે. હાલમાં પવનની દિશા ઉત્તર પૂર્વ છે, જે દિશા બદલાતા આગામી સમયમાં શિયાળાની ઠંડીનો અનુભવ થશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં છેલ્લા ચારથી પાંચ દિવસથી વિવિધ જિલ્લાઓમાં શિયાળાની અસર વર્તાઈ રહી છે. જેમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુતમ અને મહત્તમ તાપમાન સતત ઘટતું ગયું છે. અનેક શહેરોમાં છેલ્લા ત્રણ દિવસથી મોડી રાત્રે અને વહેલી સવારે શિયાળાની અસર વર્તાઈ રહી છે. કારણ કે, લઘુતમ તાપમાન સતત ઘટતું જઈ રહ્યું છે. પરંતુ હવે ફરી એક વખત ગુજરાતવાસીઓને વધુ ઠંડી માટે વધુ રાહ જોવી પડશે તેવી આગાહી કરતા હવામાન વિભાગે જણાવ્યું છે કે, એક તરફ પવનની દિશા ફંટાઈ છે ત્યાં બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પણ ગુજરાત ઉપર રહેવાથી તાપમાન ધીમે ધીમે ઘટવાની શક્યતા છે. સામાન્ય રીતે વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણેવાતાવરણની ગરમી જકડાઈ રહે છે તેથી સૂર્યના સીધા કિરણો જમીન ઉપર પડતા નથી અને તેની ગરમી પરત જતી નથી. તેથી નીચલા સ્તરમાં તાપમાન જળવાઈ રહેવાથી ઠંડીનો અહેસાસ થોડા ઓછા પ્રમાણમાં થવાની શકયતા છે. જોકે, આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતાઓ છે.

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિ માટે અમેરિકાના ૪૦થી વધુ સાંસદોએ પત્ર ઉપર હસ્તાક્ષર કર્યા

(એજન્સી) તા.૧૯

અમેરિકાના ૪૦થી વધુ યુએસ ધારાસભ્યોએ રાષ્ટ્રપતિ બાઈડેનને પૂર્વ પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન અને અન્ય રાજકીય અટકાયતીઓની તાત્કાલિક મુક્તિ માટે દબાણ કરવા હાકલ કરી છે. તેઓએ ૨૦૨૨માં ખાનની હકાલપટ્ટી બાદ માનવાધિકારના ઉલ્લંઘન અને પાકિસ્તાનની ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અંગેની ચિંતાઓ દર્શાવી હતી. કોંગ્રેસના ૪૬ સભ્યોના જૂથે રાષ્ટ્રપતિ બાઈડેનને એક પત્ર મોકલ્યો છે, જેમાં કેદમાં રહેલા ઈમરાનની મુક્તિ માટે તેમની દરમ્યાનગીરીની વિનંતી કરી. આ માહિતી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) અમેરિકન વિંગ દ્વારા X પ્લેટફોર્મ ઉપર શેર કરવામાં આવી હતી, જેમાં સુસાન વાઈલ્ડ અને જ્હોન જેમ્સની સંયુક્ત આગેવાની હેઠળ રિપબ્લિકન અને ડેમોક્રેટિક બંને પક્ષોના પ્રતિનિધિઓએ આ પહેલમાં ભાગ લીધો હતો. આ પત્રમાં યુએસ એમ્બેસેડર ડોનાલ્ડ બ્લોમની કામગીરીની ટીકા કરવામાં આવી છે, ખાસ કરીને રાજકીય કેદીઓની મુક્તિ, માનવ અધિકાર પુર્નઃ સ્થાપન અને લોકશાહી સિદ્ધાંતો અંગે પાકિસ્તાની અમેરિકન સમુદાયની ચિંતાઓને સંબોધવામાં તેમની અસમર્થતા દર્શાવવામાં આવી છે. જિયો ન્યૂઝના જણાવ્યા અનુસાર પાકિસ્તાને આ ઠરાવને નકારી કાઢ્યો પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિ માટે અમેરિકાના ૪૦થી વધુ સાંસદોએ પત્ર ઉપર હસ્તાક્ષર કર્યા છે અને કહ્યું છે કે, પાકિસ્તાનની રાજકીય પરિસ્થિતિ અને ચૂંટણી પ્રક્રિયાની અધૂરી સમજ છે. ધારાશાસ્ત્રીઓએ ફેબ્રુઆરી ૨૦૨૪ની ચૂંટણીઓ બાદ પાકિસ્તાનમાં માનવાધિકારના ઉલ્લંઘન અંગે નીતિ પરિવર્તન માટે દ્વિપક્ષીય સમર્થન ઉપર ભાર મૂકે છે. અમેરિકન ધારાસભ્યોએ વ્યાપક ચૂંટણી અનિયમિતતાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જેમાં પીટીઆઈના મતાધિકારથી વંચિત રાખવા અને પરિણામમાં છેડછાડનો સમાવેશ થાય છે. તેઓએ સામૂહિક ધરપકડ, મનસ્વી અટકાયત અને ઈન્ટરનેટ સ્પીડ ઘટાડા સહિત સોશિયલ મીડિયા પ્રતિબંધોની ટીકા કરી છે. આ ધારાશાસ્ત્રીઓએ ખાસ કરીને ઓગસ્ટ ૨૦૨૩થી ખાનની અટકાયત અંગે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે, તેઓને પાકિસ્તાનની સૌથી લોકપ્રિય રાજકીય વ્યક્તિ માનવામાં આવે છે. તેઓએ યાસ્મીન રશીદ અને શાહ મહેમૂદ કુરેશી જેવા પીટીઆઈ નેતાઓની લાંબી અટકાયતનો પણ ઉલ્લેખ કર્યો છે. કોંગ્રેસનો આ પત્ર ૬૦ યુએસ હાઉસ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા ખાનની મુક્તિની માંગ કરતી અગાઉની અપીલ પછી આવ્યો છે. પીપીપીના શેરી રહેમાન સહિત પાકિસ્તાનના વિપક્ષી પક્ષોએ આ પગલાંની સ્થાનિક બાબતોમાં વિદેશી હસ્તક્ષેપ તરીકે ટીકા કરી અને તેને આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલની વિરૂધ્ધ ગણાવ્યું છે.

## રાજ્યમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સનું સશકિતકરણ કરાશે

અમદાવાદ,તા.૧૯

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ્સ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ સ્પોર્ટ્સ ઈનોવેશનમાં ભારતની વધતી જઈ રહેલી અભિરૂચિને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને સમર્થન પુરૂં પાડવા સ્વર્ણિમ સ્પોર્ટ્સપ્રેન્યોર સેલને શરૂ કરવા માટેની એક અગ્રણી હેલને લોન્ચ કરી છે. આ પહેલ અંતર્ગત રમતનગમતના ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિકતા અને ટેકનોલોજી સંબંધિત પ્રગતિને પ્રોત્સાહન આપવામાં આવશે જેમાં સ્પોર્ટ્સ ટેકનોલોજી, પ્રશંસકોને સાંકળવા અને પર્ફોમન્સના વિશ્લેષણ જેવી બાબતો ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવશે. સ્વર્ણિમ સ્પોર્ટ્સ પ્રેન્યોર સેલ દ્વારા સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે રૂા.૫૦ લાખનું ફંડ ફાળવવામાં આવશે.

# ખંભાળિયામાં જિલ્લા પુસ્તકાલય ખાતે વિવિધ ઈન્ડોર સ્પર્ધાઓ યોજાઈ : વિજેતાઓને કરાયા પુરસ્કૃત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં સરકારી જિલ્લા ગ્રંથાલય ખાતે લોકોને પુસ્તકાલય તરફ આકર્ષવા અનોખા પ્રયાસના ભાગરૂપે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેને અનુલક્ષીને અન્વયે રવિવારે વિવિધ કેરમ, લુડો અને ચેસ જેવી ઈન્ડોર ગેમ્સ ટુર્નામેન્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લઈ, આ રમત રમવાનો આનંદ ઉઠાવ્યો હતો. ડિજિટલ યુગ અને મોબાઈલ ક્રાંતિના લીધે લોકો આજકાલ વિવિધ ઈન્ડોર ગેમ્સથી દુર થઈ રહ્યા છે. ત્યારે



લોકોમાં ઈન્ડોર ગેમ્સનો ઉત્સાહ જગાવવાની સાથે લોકો પુસ્તકાલયથી પણ પરિચિત થાય તેવા પ્રયત્નના ભાગરૂપે પુસ્તકાલય ખાતે જુદા જુદા પ્રકારની ઈન્ડોર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં આ પુસ્તકાલય ખાતે યોજાયેલી ચિત્રકામ સ્પર્ધાના વિજેતાઓમાં પ્રથમ નંબરે નિકુંજ કણઝારીયા, દ્વિતીય નંબરે ખુશ્બુ વાઘેલા તથા રંગોળી સ્પર્ધામાં જીયા મજીઠીયાને વિજેતા જાહેર કરી, રોકડ ઈનામો તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. ઈન્ડોર ગેમ્સમાં વિજેતા સ્પર્ધકોમાં જય નકુમ, મિત સાયાણી, યશ ધારાણી અને ફેનિલ સોમૈયાને પ્રમાણપત્ર તથા પુસ્તકાલયનું સભ્યપદ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. આ તકે ખંભાળિયા પીજીવીસીએલ ડિવિઝનમાં ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા જયેશભાઈ ભુપતભાઈ ટાંકને ઉર્જા વિભાગ દ્વારા યોજાયેલી ઓલ ઈન્ડિયા કેરમ ટુર્નામેન્ટમાં ગુજરાત તરફથી પ્રતિનિધિત્વ કરવા બદલ પુસ્તકાલયના ગ્રંથપાલ હિમંત ડાંગર દ્વારા સાલ ઓઢાડી મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર ઈન્ડોર ગેમ્સનું સંચાલન ગ્રંથાલયના વિનોદભાઈ વકાતર, અમિતભાઈ દવે તથા ખીમજીભાઈ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉનામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષનું સ્નેહ મિલન યોજાયું

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૯

ઉના રૂદ્રાક્ષ પાર્ટી પ્લોટ ખાતે ઉના શહેર તાલુકા તથા ગીરગઢડા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષનું સ્નેહમિલન ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયાની વિશેષ ઉપસ્થિતીમાં સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલન સમારોહમાં જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ





રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, જીલ્લા ભાજપ મહામંત્રી વિશાલભાઈ વોરા, જીલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ હિતેશભાઈ ઓઝા, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિનોદભાઈ બાંભણીયા, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ રામભાઈ વાળા, ઉના તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા તેમજ તાલુકા પંચાયત જીલ્લા પંચાયત નગરપાલિકાના સદસ્યઓ સંગઠનના તમામ મોરચાના હોદેદારો, દરેક સમાજના અગ્રણીઓ, વેપારીઓ, દરેક ગામના સરપંચઓ અને ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઓખા પંથકમાં કેબલ ચોરી પ્રકરણમાં બે આરોપીઓ ઝડપાયા



જામ ખંભાળિયા તા.૧૯

ઓખા વિસ્તારમાં થોડા સમય પૂર્વે બેટ દ્વારકા નજીકથી કેબલ વાયરની ચોરી થયાનો બનાવ સ્થાનિક પોલીસ મથકમાં નોંધાવવામાં આવ્યો હતો. આ સંદર્ભે સ્થાનિક પી.એસ.આઈ. આર.એચ. સુવાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ મહિરાજદાન ગઢવી તથા રણવીરસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના રહીશ મોહિનશા બચુશા રફાઈ (ઉ.વ. ૨૨) અને વેરાવળ તાલુકાના નાવદ્રા ગામના સાજીદશા કાસમશા જલાણી (ઉ.વ. ૨૪) નામના બે શખ્સોને ઝડપી લઈ, ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી પી.એસ.આઈ. સુવા, એ.એસ.આઈ. કનુભાઈ ચાવડા, આસપાલભાઈ મોવર, મહીરાજદાન ગઢવી, રણવીરસિંહ જાડેજા સંદીપભાઈ ગોહેલ અને જયેશભાઈ ભાટુ દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયામાં ટેકામાં મગફળીની ખરીદી અંગે આપના કાર્યકરો દ્વારા માર્કેટિંગ યાર્ડની લેવાઈ ખાસ મુલાકાત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાની શરૂઆત કરવામાં આવી છે. પરંતુ આ ખરીદી માત્ર કાગળ પર જ થતી હોવા સાથે મિલીભગત અને તંત્રની બેદરકારીના આક્ષેપો આમ આદમી પાર્ટી દ્વારા કરી, દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી હજુ સુધી શરૂ કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં છેલા એકાદ સપ્તાહથી ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થઈ ગઈ છે. ત્યારે ખેડૂતોની રજૂઆત મળતા ખંભાળિયામાં આમ આદમી પાર્ટીના હોદેદારો દ્વારા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોની મુલાકાત લઈને તેમની વ્યથા જાણી હતી. અને જો વહેલાસર ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ નહિ કરવામાં આવે તો આમ આદમી પાર્ટી ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## ‘ચીઠ્ઠીયાં હો તો હર કોઈ બાંચે, ભાગ ન બાંચે કોઈ..’

# સોમનાથમાં આયુષ્યમાન કાર્ડ કેન્દ્ર દિવાળી પહેલાથી ઠપ્પ, લોકો પરેશાન

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૯

ભારતના વડાપ્રધાનની જન આરોગ્ય યોજના હેઠળ કુટુંબ દીઠ વાર્ષિક દશ લાખની આરોગ્ય સારવાર માટે આયુષ્યમાન કાર્ડ યોજના અમલમાં છે જેનો પ્રચાર-પ્રસાર અને સભાઓમાં ઉલ્લેખ અને તાળીઓના ગડગડાટથી ગજવાય છે તેવા જનતાને આયુષ્ય કાર્ડ કાઢવા માટે પ્રભાસપાટણ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખોલવામાં આવ્યું છે. આરોગ્ય કેન્દ્રના ઉપલા માળે રૂમ નં.૧૦૭ માં ખોલાયેલ એ કેન્દ્ર સાવ શોભાના ગાંઠીયા જેવું જ છે. પ્રથમ તો ખાટલે મોટી ખોટ એ છે કે, કોમ્પ્યુટર કામ કરવા માટે આ કેન્દ્રનું આઈ.ડી. જ બ્લોક છે. જેથી કોઈજ કામગીરી થતી જ નથી. માત્ર બોર્ડ જોઈને જ સંતોષ -હતાશા માનવી પડે છે. તે માટે નિમણૂંક કરાયેલ કર્મચારી તો આવે જ છે પણ ટેકનીકલ ખામી દુર કરવામાં આક્ષમ્ય બેદરકારી પ્રજા પ્રત્યે નિષ્કાળજી દાખવવાને કારણે આઈ.ડી. બંધ છે તેવા જવાબ સાથે દિવાળી પહેલાથી જ કાર્ડ કાઢવાનું બંધ જ છે.

સરકારે પ્રચાર-પ્રસારમાં જણાવ્યું છે કે ૭૦ વર્ષથી વધુની વયના વડીલો માત્ર આધાર કાર્ડ રજુ કરે એટલે તુરત આયુષ્યમાન કાર્ડ નીકળી જાય પણ આ કેન્દ્ર તો એવું છે કે, જે કામ જ નથી




કરતું એથી આયુષ્ય પુરૂં થઈ જાય તો પણ કદાચ અહીંથી કાર્ડ નીકળે તેમ લાગતું નથી. પોપટ વાયક એક જ ‘આઈ.ડી. બ્લોક છે’ તેમ જણાવી જવાબદાર તંત્ર ધ્યાન દોરતું નથી. કેન્દ્ર ઉપર જઈએ તો આશ્વાસન, સલાહ, વિનય, વિવેક વર્તાવ બધુંય મળે છે પણ કાર્ડ તો નહીં. પ્રજા પીડા દુર તો કરો ભાઈ..

# મીઠાપુરમાં રોકડ, મોબાઈલ સહિતનો ગુમ થયેલો થયેલો મુદ્દામાલ શોધીને મૂળ માલિકને સોંપાયો

## મીઠાપુર પોલીસે રૂા.૧.૩૮ લાખનો મુદ્દામાલ શોધી આપ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

દાહોદ જિલ્લાના રહીશ સેજલબેન પ્રદીપસિંહ રાઠોડ નામના ૨૬ વર્ષના રાજપુત મહિલા તાજેતરમાં મીઠાપુર ખાતે રહેતા તેમના કૌટુંબિક ભાઈના લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. ત્યારે ટાટા કંપનીના મેઈન ગેઈટ પાસેથી તેઓ તેમની કારમાંથી નીચે ઉતરતી વખતે તેમણે સાથે રાખેલું લેડીઝ પર્સ ક્યાંક ખોવાઈ જતા આ અંગેની જાણ તેમના દ્વારા મીઠાપુર પોલીસને કરવામાં આવી હતી. આ પર્સમાં રૂપિયા ૮૦,૦૦૦ ની કિંમતનું મંગલસૂત્ર, રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૪૩ હજારની રોકડ રકમ હોવાનું જાહેર થયું હતું. જેને અનુલક્ષીને મીઠાપુરના ઈન્ચાર્જ પી.આઈ. વી.એ. રાણા તેમજ પી.એસ.આઈ. ડી.એન. વાંઝા દ્વારા સ્ટાફને સાથે રાખીને જરૂરી કામગીરી કરવામાં આવી હતી. આ કિંમતી પર્સ શોધવા માટે પોલીસ સ્ટાફના એ.એસ.આઈ. મજીદભાઈ મામદાણી તેમજ મુકેશભાઈ વાઘેલા દ્વારા સી.સી. ટી.વી. ફૂટેજ ચેક કરવા સહિતની કરવામાં આવેલી કાર્યવાહીના અંતે કુલ રૂપિયા ૧.૩૮ લાખના મુદ્દામાલ સાથેનું ઉપરોક્ત વર્ણન વાળું પર્સ એક રીક્ષા ચાલકને મળ્યું હોવાથી આ રીક્ષા ચાલકની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર તપાસના અંતે દાગીના, મોબાઈલ અને રોકડ રકમ સાથેનું પર્સ તેના મૂળ માલિકને શોધવા માટે રીક્ષા ચાલક દ્વારા પણ શોધ ચાલતી હોવા વચ્ચે પોલીસે આ પર્સ તેના મૂળ માલિકને ખરાઈ કરી સોંપી આપ્યું હતું.

# ખંભાળિયામાં શ્રમિક પરિવારની સગીરાના અપહરણ તથા દુષ્કર્મના કેસમાં આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયા તાલુકામાં આજથી આશરે પાંચેક વર્ષ પૂર્વે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના મૂળ રહીશ અને બે સંતાનોના પિતા એવા દશરથ દિનેશભાઈ ઉર્ફે દિલીપભાઈ મકવાણા નામના શ્રમિક યુવાન દ્વારા એક પરિવારની સગીર વયની પુત્રીને લલચાવી, ફોસલાવીને બદકામ કરવાના ઈરાદાથી અપહરણ કરીને પોતાના વતન લઈ ગયો હતો. જે અંગે સગીરાના પિતા દ્વારા તારીખ ૨૩-૮-૨૦૧૯ ના રોજ ખંભાળિયા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી હતી. જેને અનુલક્ષીને પોલીસે અપહરણની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, તપાસ દરમિયાન આરોપી તેમજ ભોગ બનનારની શોધખોળ કરી, તેઓની ભાળ મેળવી લીધી હતી. આ અંગે આગળની તપાસમાં ભોગ બનનાર સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાથી તેમાં આઈ.પી.સી. કલમ ૩૭૬ તથા પોક્સો એક્ટનો ઉમેરો કરી, આ કેસમાં તપાસનીસ અધિકારી પી.એ. દેકાવાડિયા તેમજ પી.એ. જાડેજા દ્વારા ભોગ બનનાર તથા આરોપીના મેડિકલ સેમ્પલ મેળવી એફએસએલ સહિતની તપાસ બાદ અહીંની સ્પેશિયલ કોર્ટમાં ચાર્જસીટ રજૂ કર્યું હતું. અહીંની અદાલતમાં આ કેસ ચાલી જતા અહીંના જિલ્લા સરકારી વકીલ લાખાભાઈ

## પાંચ વર્ષ પૂર્વે બે સંતાનોના પિતાએ આચર્યું હતું દુષ્કર્મ

ચાવડા દ્વારા વિવિધ મુદ્દાઓ તથા આધાર પુરાવાઓ સાથે કરવામાં આવેલી દલીલો તેમજ જુબાનીને ધ્યાને રાખીને સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ શ્રી એસ.જી. મનસૂરી દ્વારા આરોપી દશરથ દિનેશ ઉર્ફે દિલીપભાઈ મકવાણાને તકસીરવાન ઠેરવી અને જુદી જુદી કલમ હેઠળ કુલ ૧૦ વર્ષની સખત કેદ તેમજ કુલ રૂપિયા ૩૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં ભોગ બનનાર સગીરાના સામાજિક, આર્થિક અને માનસિક પુનર્વસન માટે વિટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા પણ વધુમાં આદેશ કર્યો છે.

# ઊના તાલુકાના ખેલાડીની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૯

ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકાના જયવિર જગદીશભાઈ વાઘેલાનું કરાટે રમતમાં રાષ્ટ્રીય કક્ષા-દિલ્લી ખાતે પસંદગી થઈ છે. જયવિર ઘણા સમય થી તેમના કોચ રવિ કછોટ પાસે તાલીમ મેળવી રહ્યો છે. જયવિરની ઉંમર માત્ર સાત વર્ષ જ છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા માન્યતા પ્રાપ્ત કરાટે ડો ફેડરેશન હેઠળ ગુજરાત રાજ્યનું કરાટે રમતનું સીલેકશન કરવામાં આવ્યું હતું. જેમાં સબ જુનિયર વયજૂથમાં ૩૦ કે.જી. વજન કેટેગરીમાં કાતા ઈવેન્ટમાં ગોલ્ડ અને કુમિતે ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવી જયવિર આવનારા સમયમાં રાષ્ટ્રીય



કક્ષા દિલ્લી ખાતે ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધંધુકા વિધાનસભા ક્ષેત્રના રૂા.૨૪૬.૩૧ કરોડના ૧૮૪ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધંધુકા વિધાનસભા ક્ષેત્રના રૂા. ૨૪૬.૩૧ કરોડના ૧૮૪ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસ કેવો હોય, કયા સ્કેલનો હોય તેનું ઉદાહરણ ગુજરાત દ્વારા પૂરૂ પાડ્યું છે. તેમાં પણ ભાલ પ્રદેશ તીવ્ર ગતિએ વિકસી રહ્યો છે. આ વિસ્તારમાં રૂા.૧૦૦૦ કરોડના વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. નવા વર્ષે ધંધુકાને મળેલી રૂા.૨૪૬ કરોડના વિકાસકાર્યોની ભેટ સાથે આજનો દિવસ વિકાસોત્સવ બની ગયો છે. વડાપ્રધાનની પ્રો-પીપલ લીડરશીપને પગલે ગુજરાત દેશમાં રોલ મોડલ બન્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. ધંધુકા અને ભાલ પ્રદેશની બદલાયેલી છબીનો ઉલ્લેખ કરતા ભૂપેન્દ્ર પટેલે






જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાસન દાયિત્વ સંભાળ્યા બાદ તેમના આગવા વિઝનથી ગુજરાતને પાણીદાર બનાવ્યું છે. નરેન્દ્રભાઈ એ જળ વ્યવસ્થાપન અને વીજ વ્યવસ્થાપન તથા વિવિધ યોજનાઓથી રાજ્યના પાયાના પ્રશ્નોનો નિકાલ કર્યો છે. સુજલામ-સુફલામ અને સૌની યોજના દ્વારા નર્મદાના નીર ગુજરાતના ખૂણે-ખૂણે પહોંચ્યા છે. ગુજરાતમાં શહેરી વિકાસ, પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ અને સ્વાસ્થ્ય એમ તમામ ક્ષેત્રે વડાપ્રધાનની વિઝનરી લીડરશીપથી ક્રાંતિ આવી છે. ભૂતકાળની સાપેક્ષમાં મળતી આરોગ્ય અને રસ્તાઓ સહિતની સેવાઓના સ્તરમાં ધરખમ સુધારાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, હવે રાજ્યમાં તાલુકા કક્ષાએ આધુનિક અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ અને ડિજિટલ કનેક્ટિવિટી ઉપલબ્ધ થઈ છે. ધંધુકાની ધરતી ઉપર "વિકાસ ભી અને વિરાસત ભી"નો મંત્ર સાકાર થયો છે એમ જણાવી તેમણે ઉમેર્યું કે, વિરાસતની જાળવણીમાં ગુજરાત અગ્રેસર છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સ્મારક અને પદ્મશ્રી જોરાવરસિંહ જાદવના વિરાસત મ્યુઝિયમ તેનું ઉદાહરણ છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીના હસ્તે ૧૮૪ જેટલાં વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે, તેમાં માર્ગ અને મકાન વિભાગ, શિક્ષણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, ગ્રામીણ વિકાસ વિભાગ, પંચાયત ગ્રામ અને ગૃહ નિર્માણ વિભાગ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, આઈ.સી.ડી.એસ વિભાગનાં વિવિધ કામોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે સુરેન્દ્રનગરના સાંસદ ચંદુભાઈ શિહોરા અને ધંધુકાના ધારાસભ્ય કાળુભાઈ ડાભીએ પ્રાસંગીક પ્રવચન કર્યા હતા.

# ખંભાળિયા નજીક પુરપાટ જતી કારની અડફેટે સ્કૂટર સવાર વૃદ્ધનું કરૂણ મોત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં રહેતા જગદીશભાઈ મથુરાદાસ પાઉં(ખાખરડા વારા) નામના આશરે ૬૩ વર્ષના વૃદ્ધ શનિવારે બપોરે તેમના એક્ટિવા મોટરસાયકલ ઉપર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે જામનગર માર્ગ ઉપર જતી એક ઈનોવા કારના ચાલકે તેમને અડફેટે લેતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યું નિપજ્યું હતું. આ સમગ્ર બનાવની વિગત એવી છે કે ખંભાળિયાની રામનાથ સોસાયટી નજીક એસ.એન.ડી.ટી. વિસ્તારમાં રહેતા અને નાનાભાઈ સાથે જલપુર રેસ્ટોરન્ટના નામથી હોટેલનો વ્યવસાય કરતા જગદીશભાઈ મથુરાદાસ પાઉં(ખાખરડા વારા) નામના આશરે ૬૩ વર્ષના વૃદ્ધ શનિવારે બપોરે આશરે પોણા વાગ્યાના સમયે તેમના એક્ટિવા મોટરસાયકલ પર બેસીને અત્રે જામનગર હાઈવે ઉપરથી જઈ રહ્યા હતા. ત્યારે અત્રેથી આશરે ૬ કિલોમીટર દૂર હીરોના શોરૂમ પાસેથી પસાર થતા અન્ય રોડ પર જતી વખતે તેમણે પોતાનું એક્ટિવા મોટરસાયકલ ધીમુ પાડ્યું હતું. આ દરમ્યાન જામનગર તરફ પૂરઝડપે અને બેફીકરાઈપૂર્વક જઈ રહેલા જી.જે. ૦૬ સી.બી. ૪૩૬૫ નંબરની એક ઈનોવા મોટરકારના ચાલકે જગદીશભાઈના એક્ટિવાને પાછળથી જોરદાર ઠોકર મારી હતી. આ જીવલેણ અકસ્માતમાં જગદીશભાઈ પાઉંને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું લોહી લુહાણ હાલતમાં કરૂણ મૃત્યું નીપજ્યું હતું. આ બનાવ બનતા અહીંના આગેવાનો તથા કાર્યકરો વિગેરે સરકારી હોસ્પિટલે દોડી ગયા હતા. અહીં જગદીશભાઈના મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી. મૃતક જગદીશભાઈને પરિવારમાં પત્ની તેમજ પુત્ર રૂમિત (ગોપાલ) અને બેંગ્લોર ખાતે પરિણીત પુત્રી હિરલ પરાગકુમાર રૂઘાણી છે. સરળ અને નિખાલસ સ્વભાવના જગદીશભાઈ પાઉંના અકાળે અવસાનથી પરિવારજનો સાથે રઘુવંશી સમાજમાં પણ ભારે શોક સાથે અરેરાટી પ્રસરી જવા પામી છે. આ સમગ્ર બનાવ અંગે મૃતકના પુત્ર રૂમિત જગદીશભાઈ પાઉં (ઉ.વ. ૨૬) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે ઈનોવા કારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# સોમનાથ ખાતે ગુજરાત આહીર સેના દ્વારા શોર્ય દિવસની શાનદાર ઉજવણી






## આહીર રેજીમેન્ટની બુલંદ માંગ, આહીર સમાજ સરકાર પાસે કોઈ સહાય નથી માંગતો, અમે અમારો હક માંગીએ છીએ : જવાહર ચાવડા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૯

ગુજરાત આહીર સેના દ્વારા ૧૧૪ આહીર જવાનોની યાદમાં ''સોમનાથ-ભાલકા'' ખાતે શૌર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ''આહિર સમાજ વેરાવળથી સોમનાથ અને ભાલકા'' સુધી ભવ્ય બાઈક અને કાર રેલી સાથે બન્ને મંદિરો ઉપર ધ્વજારોહણ કર્યું હતું. બાદમાં ભાલકાતીર્થ ખાતે શાહિદ વીરોને ભાવાંજલી સાથે શ્રધ્ધા સુમન અર્પણ કરાયા હતા. શહીદ વીરોના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં બ્રહ્માકુમારીઝ પરિવાર પણ જોડાયો હતો. ભાલકા તીર્થ ખાતે આહિર સમુદાય દ્વારા રેડક્રોસ સોસાયટીના સહયોગ સાથે રક્તદાન પણ કર્યું હતું. ગુજરાત આહિર સેના દ્વારા આયોજિત શૌર્ય દિવસની ઉજવણીના કાર્યક્રમને બિરદાવતા ગુજરાત આહિર સમાજના પ્રમુખ જવેરભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે આવા કાર્યો કરવાથી એક વિચાર સાથે સમાજ સંગઠિત થશે અને જો સમાજ સંગઠિત થશે તો જ આ લોકશાહી દેશમાં આપણી તાકાતથી જીવી શકીશુંઈ. જવાર ચાવડાએ આહિર રેજિમેન્ટની માંગને દોહરાવતા જણાવ્યું હતું કે એ સમયમાં સમાજના લોકોએ આપેલા બલિદાનથી પ્રેરાઈ દે આજે આહિર રેજીમેન્ટ ની માંગ કરવામાં આવી રહી છે ત્યારે આહીર સમાજને સરકાર પાસેથી કોઈ સહાય નથી જોતી પરંતુ આહીર સમાજ દેશના કાજે બલિદાન આપવા માંગે છે. પોતાનું લોહી આપવા માંગે છે. આ રાષ્ટ્રને અમે અમારી જાત સમર્પિત કરવા માગીએ છીએ અને તેના માટે અમે અમારી ઓળખ માંગીએ છીએ અને એ ઓળખ છે આહીર રેજીમેન્ટ. આહીર સમાજની આહિર રેજિમેન્ટની માંગ એ વ્યાજબી માંગ છે અને આ માંગ ચાલુ રાખવા માટે પણ ઉપસ્થિત સમુદાયને જવાહર ચાવડાએ આહવાન કર્યું હતું. આ તો કે ગીર સોમનાથ જિલ્લા આહિર સમાજના અગ્રણી હીરાભાઈ છોટવાય જણાવ્યું હતું કે અન્યાય સામે લડવા માટેની લડાઈ આપણા ઈષ્ટદેવ ભગવાન કૃષ્ણએ શીખવાડેલી છે ત્યારે અન્યાય સામે સતત રડતા રહેવું ક્યારેય પણ શરણદાર ન થવું પોતાના છેલ્લા શ્વાસ સુધી અન્યાય સામે છે માણસ લડે એમની જ પ્રજાતિ આ પૃથ્વી ઉપર ટકશે અન્યાય થાય તેની સામે લડવું એ જ આહીરોનો ક્ષત્રિયોનો ધર્મ છે એ જ ભગવાન કૃષ્ણએ શીખવાડ્યું છે. વધુમાં જણાવ્યું હતું કે, આજે આખા હિન્દુસ્તાનમાં એક આહિર સમુદાય જ એવો છે કે જે રાષ્ટ્રને કાજે સમર્પિત થવા બલિદાન આપવા માટે સરકાર પાસે સામેથી માંગ કરી રહ્યો છે અને આહીર રેજીમેન્ટ અમારો હક છે ત્યારે સરકારે પણ આહિર સમાજની માંગ સ્વીકારી આહીર રેજીમેન્ટ ફાળવવા વિનંતિ કરી હતી. ગુજરાત આહિર સેના દ્વારા પ્રતિવર્ષ ૧૮ નવેમ્બરના રોજ ચીન સામેના યુદ્ધમાં રેજાંગલા ખાતે વીરગતિ પામેલા ૧૧૪ આહિર વીર શહીદોની યાદમાં શૌર્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત વેરાવળસોમનાથ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો વેરાવળ બાયપાસ ઉપર આહિર સમાજ ખાતેથી વિશાળ બાઈક અને કાર રેલી સોમનાથ ખાતે પહોંચી હતી જ્યાં સોમનાથ મહાદેવને ધ્વજારોહણ બાદ આ રેલી ભાલકાતીર્થ ખાતે પહોંચી હતી ભગવાન શ્રીકૃષ્ણના ભાલકા મંદિર ખાતે પણ ધ્વજારોહણ અને પૂજા અર્ચન બાદ શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અને ભાવાંજલિનો કાર્યક્રમ ભાલકાતીર્થના વિશાળ પ્રાગળમાં યોજાયો હતો. જેમાં ગીર સોમનાથ જિલ્લા સહિત ગુજરાત ભરમાંથી બાવળી સંખ્યામાં આહિર સમાજના ભાઈઓ બહેનો જોડાયા હતા. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી પરિવાર પણ જોડાયો હતો અને શહીદ વીરોને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત અહીર સેના દ્વારા નિવૃત્તિ ફોજી જવાનોને મુમેન્ટો અને તલવાર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ઉપરાંત ભાલકાતીર્થ ખાતે શહીદોને શ્રદ્ધાંજલિની સાથે રેડક્રોશ સોસાયટીના સહયોગથી રક્તદાનનું પણ આયોજન કરાયું હતું જેમાં બહોળી સંખ્યામાં આહિર સમુદાયના ભાઈઓ બહેનોએ રક્તદાન કર્યું હતું. ગુજરાત આહીર સેના દ્વારા આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં ગાય માતાને રાષ્ટ્ર માતાનો દરજ્જો આપવાની માંગ સાથે છેલ્લા ઘણા સમયથી લડત આપતા આહિર યુવાન અર્જુનભાઈ આંબલીયા, ભાલકાતીર્થ ખોડીયાર મંદિરના મહંત મહામંડલેશ્વર બાપુ તેમજ આહીર સમાજના ટ્રસ્ટી વેજાભાઈ વાળા પ્રોફેસર જીવાભાઈ વાળા, અગ્રણી જગમાલભાઈ વાળા, પ્રવીણભાઈ રામ ભાલપરાના સરપંચ વિક્રમભાઈ પટાટ તેમજ આહીર સેના ગુજરાતની કોર કમિટીના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.

## ગિરીરાજ ધરણ કી જયના ગુંજનાદ સાથે શ્રી નાથજી પદયાત્રા સંઘ દ્વારા રાજકોટથી શ્રીનાથજી પદયાત્રાનું વિનામૂલ્યે આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૯

એવુ શ્રી શ્રી નાથજીનું નામ અમને પ્રાણ પ્યારૂ છે. જેના નામ સ્મરણ માત્રથી આ કળીકાળમાં સમગ્ર મનુષ્યોના દુઃખ દર્દ દૂર થાય છે. સદાય પ્રેમનો દરીયો જયાં ધુધવે છે એવા કરૂણાનિધાન શ્રીનાથજી પ્રભુના પગપાળા દર્શન કરવા શ્રી નાથજી પદયાત્રા સંઘ દ્વારા રાજકોટથી શ્રીનાથજી(રાજસ્થાન) ધામે પદયાત્રાનું આયોજન કરેલ છે. તા.૧૫-૧૨-૨૦૨૪ને રવિવાર ના રોજ પ્રારંભ થનાર અંદાજે ૫૫૦ કિ.મી.ની અને ૧૭ દિવસની આ પદયાત્રા સંપૂર્ણ પણે વિનામુલ્યે યોજવામાં આવેલ છે તેમ શ્રીનાથજી પદયાત્રા સંઘના આયોજક શ્રી ગિરીશભાઈ કુંકણા દ્વારા દરેક વૈષ્ણવભાઈ બહેનને પદયાત્રામાં જોડાવવા માટેનું નિમંત્રણ આપવામાં આવે છે. શ્રી નાથજી બાવામાં આસ્થા વધે અને જે કોઈ વૈષ્ણવો સંકલ્પ કરેલ હોય તેની મનોકામના પૂરી થાય તેવા શુભ આશયથી આ વર્ષે રાજકોટથી શ્રીનાથજી પદયાત્રા ન આયોજન કરેલ છે. અંદાજે ૫૫૦ કિ.મી.ની આ પદયાત્રા રાજકોટ થી તા.૧૫-૧૨-૨૦૨૪ને રવિવારે શરૂ થઈચોટીલા-લીંબડી-બગોદરા-અમદાવાદ-ગાંધીનગર-હિંમતનગર- શામળાજી-ખેરવાડા-ઉદયપુર-એકલીંગજી થઈને તા.૩૧-૧૨-૨૦૨૪ના રોજ શ્રીનાથજી પહોચશે. દરેક પદયાત્રીક વૈષ્ણવ ભાઈઓ તથા બહેનો શ્રીનાથજી માં બેદિવસનો મુકામ કરશે અને શ્રીનાથજી પ્રભુના દર્શનનો અનેરો અને અનન્ય લાભ લેશે. શ્રીનાથજી સુધીની ૧૭ દિવસની પદયાત્રામાં દરેક વૈષ્ણવોને સવારે ચા-નાસ્તો બપોરે તથા રાત્રીના ભોજનની વ્યવસ્થા તથા રસ્તામાં મળવા આવનાર સગા-સબંધી તથા મિત્રો સ્નેહીની પ્રસાદની વ્યવસ્થા તથા રસ્તામાં દરેક સ્થળોએ રાત્રીરોકાણની વ્યવસ્થા તથા રસ્તામાં પ્રાથમીક જરૂરીયાતની મેડીકલ વ્યવસ્થા તેમજ દરેક વૈષ્ણવોને શ્રીનાથજીમાં બે દિવસ રહેવા તથા જમવાની વ્યવસ્થા શ્રી નાથજી પદયાત્રા સંઘના આયોજક દ્વારા વિનામૂલ્યે કરવામાં આવનાર છે. આયોજનને સફળ બનાવવા માટે શ્રીનાથજી પદયાત્રા સંઘના આયોજક ગિરીશભાઈ કુંકણા, ભાવેશભાઈ રાજાણી, નાગરદાસ કાનાણી(જામખંભાળીયા), અરવીંદભાઈ અનીડા વાળા વગેરે કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. પદયાત્રાની વધુ વિગત જાણવા માટે સંઘના આયોજક ગિરીશભાઈ કુંકણા-શ્રી નાથજી પદયાત્રા સંઘ C/o. ૩૦૧-૩૦૨, મણી કોમ્પલેક્ષ, યાજ્ઞિક રોડ, રાજકોટ ઉપર સાંજે ૪ થી ૬ રૂબરૂ સંપર્ક કરવો અથવા આ ફોન નંબર ઉપર જાણ કરવી ૭૯૮૪૬ ૭૫૨૦૭ તેમ આયોજકો દ્વારા જણાવવામાં આવે છે.

## ખંભાળિયામાં આપ દ્વારા હોસ્પિટલમાં થતી ગેરરીતિ સંદર્ભે આવેદન અપાયું



### PMJAY જેવી યોજનામાં થતી ગેરરીતિ સામે પગલાં લેવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં સર્જાયેલા કાંડ બાદ ખાનગી હોસ્પિટલો દ્વારા ચલાવવામાં આવતી લાલિયા વાડીના અનેક બનાવ તેમજ ભ્રષ્ટાચાર પ્રકાશમાં આવી રહ્યા છે. જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ વ્યક્ત કરતા જણાવાયું છે કે, PMJY યોજના અંતર્ગત કામ કરી હોસ્પિટલો દ્વારા "માં કાર્ડ"માંથી તો પૈસા લેવાય છે, પરંતુ ઘણી બધી હોસ્પિટલો દ્વારા દદી પાસેથી ઉપરથી કેશ પણ લેવામાં આવે છે. આ અંગે સંપૂર્ણ તપાસ કરી હોસ્પિટલો અને સંકળાયેલા ડોક્ટરોને કડક સજા થવી જોઈએ. સરકારી હોસ્પિટલોમાં ઈલાજ મફત કરવામાં આવે છે. રાજ્યની સાડા છ કરોડ જનતાને મફત ઈલાજ મળી શકે તે માટે દરેક સરકારી હોસ્પિટલોમાં સાધનો, પૂરતા પ્રમાણમાં ડૉક્ટરો અને દરેક તાલુકા વાઈસ સંપૂર્ણ સુવિધા વાળી ૨૦૦ બેડની હોસ્પિટલો બનાવવી જોઈએ. જેમાં દરેક બીમારીનો મફત ઈલાજ થવો જોઈએ. સરકારી પી.એમ.જે.એ.વાય. યોજના અંતર્ગત કામ કરતી હોસ્પિટલો કે જેમાં યોજનાનો ગેરલાભ ઉઠાવે છે, જેની સંપૂર્ણ તપાસ કરી જવાબદારોને કડકમાં કડક રાજા થવી જોઈએ. જે મુદ્દે મુખ્યમંત્રીને સંબોધીને એક આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. PMJAY અને "માં કાર્ડ" અંતર્ગત સંલગ્ન દેવભૂમિ દ્વારકા જિલ્લાની હોસ્પિટલોમાં મોટા પાયે ગેરરીતી અને ભ્રષ્ટાચાર થતો હોવાનું જણાવ્યું આમ આદમી પાર્ટી દ્વારા આગામી સમયમાં ભ્રષ્ટાચારનો આધાર પુરાવા સાથે પ્રેસ કોન્ફરન્સ કરીને પર્દાફાશ કરીશું તેમ જણાવાયું છે.

## ખંભાળિયામાં બન્યો હિટ એન્ડ રનનો બનાવઃ પુરપાટ જતી કારની અડફેટે શ્રમિક પરિવારના બાળકનું કરૂણ મોત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયા નજીકના દ્વારકામાં માર્ગ પર ગઈકાલે સોમવારે સવારે હિટ એન્ડ રનના બનેલા એક બનાવમાં પ્રાંતીય શ્રમિક પરિવારના ૧૦ વર્ષના બાળકને અડફેટે લઈ અને હેરીયર મોટરકારનો ચાલક નાસી છૂટ્યો હોવાનું ખુલવા પામ્યું છે. આ સમગ્ર બનાવની વિગત એવી છે કે દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના સાગટાળા ગામના મૂળ રહીશ અને હાલ ખંભાળિયા તાલુકાના ધંધુસર ગામે એક આસામીની વાડીમાં રહી અને મજૂરી કામ કરતા કલસિંહ માનાભાઈ નાયક (ઉ.વ. ૪૮) ના સાત સંતાનો પૈકીનો સૌથી નાનો પુત્ર અલ્પેશ (ઉ.વ. ૧૦) સોમવારે સવારે આશરે ૯:૩૦ વાગ્યાના સમયે ખંભાળિયા - દ્વારકા હાઈ-વે પર અત્રેથી આશરે ૨૧ કિલોમીટર દૂર સોનારડી ગામના પાટીયા પાસેથી રોડ ક્રોસ કરી અને શિવ શક્તિ હોટલમાં જતો હતો. તે દરમિયાન આ માર્ગ પર પુરઝડપે અને બેફીકરાઈપૂર્વક આવી રહેલી જી.જે. ૦૩ એન.બી. ૪૪૪૮ નંબરની કાળા કલરની ટાટા હેરિયર મોટરકારના ચાલકે અલ્પેશને અડફટે લીધો હતો. જેથી તેને લોહી લુહાણ હાલતમાં ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર અર્થે અહીંની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત્યુ પામેલો જાહેર કર્યો હતો. અકસ્માત સર્જીને આરોપી કાર ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. અહીંની સિવિલ હોસ્પિટલમાં અલ્પેશના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસે મૃતકના પિતા કલસિંહ નાયકની ફરિયાદ પરથી ટાટા હેરીયર કારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે. આ બનાવે મૃતક બાળકના પરિવારજનોમાં આક્રંદની લાગણી પ્રસરાવી હતી.

## સામાન્ય લોકો ઓડીટ કામગીરી અંગે જાગૃત બને તે માટે તા.૧૮થી ૨૨ નવેમ્બર રાજકોટની એકાઉન્ટન્ટ જનરલ કચેરી ખાતે 'ઓડિટ સપ્તાહ' ઉજવણીનો શુભારંભ

### ઓડિટ વોક, રંગોળી, ચિત્ર, નિબંધ સહીતની સ્પર્ધાઓ, વર્કશોપ વગેરેનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૯

રાજકોટ જિલ્લા પંચાયત ચોક ખાતેની કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના ભારતીય ઓડિટ અને એકાઉન્ટસ ડિપાર્ટમેન્ટની એકાઉન્ટન્ટ જનરલની કચેરી દ્વારા સામાન્ય લોકો ઓડીટ કામગીરી અંગે જાગૃત બને તે માટે તા.૧૮થી ૨૨ નવેમ્બર દરમ્યાન 'ઓડિટ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે સપ્તાહના પ્રથમ દિવસે કચેરીના આશરે ૪૦૦ થી વધુ કર્મયોગીઓએ જિલ્લા પંચાયત ચોકથી કિશાનપરા ચોક સુધીના વિસ્તારને સ્વચ્છ અને સુઘડ બનાવ્યો હતો.

આ સાથે કર્મયોગીઓએ ''સ્વચ્છતા રેલી''નું પણ આયોજન કર્યું હતું અને ઓડીટ શપથ ગ્રહણ કર્યા હતા. આ ઓડીટ સપ્તાહની ઉજવણી અન્વયે ઓડીટ શપથ, સ્વચ્છતા કાર્યક્રમ અંગે વર્કશોપ, ઓડીટ વોક, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા, રંગોળી સ્પર્ધા સહિતની સ્પર્ધાના માધ્યમથી લોકોમાં ઓડીટનું મહત્વ સમજાવવામાં આવશે. આ સપ્તાહ ઉજવણી કાર્યક્રમમાં આઈ.સી.એ.આઈ.ના ડાયરેક્ટર જનરલ હિમાંશુ ધર્મદર્શી અને એકાઉન્ટન્ટ જનરલ (એકાઉન્ટ) આર.કે.સોલંકી અને એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ) અનુભવસિંહ, નાયબ એ.જી. વી.બી. બાગુલ, નાયબ એ.જી. સંતોષ ખેડકર અને નેમારામ, નાયબ એકાઉન્ટ જનરલ-વહીવટ ડેનીશ સહીત આશરે ૪૦૦ કર્મયોગીઓએ ભાગ લીધો હતો.

## માણાવદર તાલુકાના ખેડૂતોને ડીએપી ખાતર નહીં મળતાં ત્રાહીમામ

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૯

માણાવદર તાલુકાના ખેડૂતોને ડીએપી ખાતરની ભયંકર તંગીના કારણે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. એકબાજુ ખેડૂતો જગતના તાત કહેવાય પરંતુ યોગ્ય વ્યવસ્થા ના હોય ખેડૂતોને ખાતર જેવું જરૂરી માલ મળતા નથી. ડીએપીના મળવાના કારણે ખેડૂતો ઘઉં, ચણા, ધાણા સહિત અનેક પાક ઉત્પાદન ઉપર અસર થશે અન્ય તાલુકામાં છુટથી ડીએપી મળે છે ત્યારે માણાવદર તાલુકામાં ખાતરની કોના કારણે નથી મળતું ? ખેડૂતોના દુશ્મન કોણ છે ? તે પ્રશ્ન ખેડૂત આગેવાન રાણાભાઈ કોડીયાતરે કર્યો છે ? એકબાજુ કુદરતની મહેરબાનીથી ભરચક ડેમો, કુવા, બોર પાણીથી ભરેલા છે. ખેડૂતો દેશ માટે ઘઉં, ચણા સહીત અઅનેક પાક ઉત્પાદન કરવા તનતોડ મહેનત કરે છે. દેશનું ખેતપેદાશ ઉત્પાદન વધારવું છે પરંતુ મુળ ખાતર ડીએપી ન મળતાં મુશ્કેલી પડી છે. આ ન મળતા દરેક રીતે નુકશાની થશે તેમ રાણાભાઈએ યાદીમાં જણાવ્યું છે.

## કેશોદમાં અહીથી કેમ નીકળો છો ? તેમ કહી દાતરડા વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

કેશોદના ઈન્દીરાનગર રોડ ઉપર અહીથી કેમ નીકળો છો ? તેમ કહી દાતરડા વડે હુમલો કરી ધમકી આપ્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે રામદેભાઈ ભોવાનભાઈ કરગઠીયાએ ફરીયાદમાં આરોપી તરીકે કોમલ નાથાભાઈ રાઠોડ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના દિકરા તથા સાહેદો રનિંગ કરવા એન.પી. કોલેજ જતા હતા ત્યારે આરોપી રસ્તે મળતા તમે કેમ અહિથી દરોજ નિકળો છો હવે નિકળ્યા તો તમને પતાવી દઈશ તેવી ધમકી આપેલ બાદ ફરીયાદીનો તથા સાહેદો રનિંગ કરી પરત ઘરે મોટર સાયકલ લઈ આવતા હોય તે દરમ્યાન ઈન્દીરાનગરના નાકા આગળ રસ્તામાં આરોપીએ તેમની મોટર સાયકલ રોકાવી તમને ના પાડવા છતા તમે અહીથી નિકળ્યા છો તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ આજે તમને પતાવી દેવા છે તેમ કહી આરોપીના હાથમાં રહેલ લોખંડના દાતરડા વડે મારી નાખવાના ઈરાદાથી ફરીયાદીના દિકરા ભોગબનનારને ડાબી આંખ તથા નાકના વચ્ચેના ભાગે દાતરડુ મારી ખુચાડી દઈ ફરીયાદીના દિકરાની ડાબી આંખની જોવાની શક્તિનો કાયમી નાશ કરી ગંભીર ઈજા પહોંચાડયા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સરદારગઢ ગામે ટેલીફોન એક્ષચેન્જની ઓફીસમાંથી ૯ હજારના કેબલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

માણાવદરના સરદારગઢ ગામેથી ટેલીફોન એક્ષચેન્જની ઓફીસમાંથી કેબલ સહિત ૯ હજારના મુદ્દામાલની ચોરી થયાની ફરીયાદ માણાવદર પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે હાર્દિકભાઈ વીરેન્દ્રભાઈ ભટ્ટે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ સરદારગઢ ટેલીફોન એક્ષચેન્જની ઓફીસનું તાળુ તોડી ઓફીસ અને ધાબા ઉપર રાખેલ કોપર કેબલ, ગ્રાઉન્ડીંગ વાયર, આલારામ કેબલ, ફાયબર કેબલ, એસીના આઉટડોરના બે યુનિટ મળી કુલ ૯ હજારના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગુરૂવારે વર્ષનો પહેલો ગુરૂપુષ્યામૃત યોગ

કારતક વદ છઠ્ઠ ને ગુરૂવાર તારીખ ૨૧ નવેમ્બરના દિવસના સવારે સૂર્યોદય ૭:૦૪ કલાકેથી બપોરે ૩.૩૫ સુધી ગુરૂપુષ્યામૃત યોગ છે આ દિવસે આ વર્ષનો પહેલો ગુરુપુષ્યામૃત યોગ છે. પુષ્ય નક્ષત્ર મા એવા ગુણ છે કે જે દરેક શુભ બાબતો મા વૃદ્ધિ કરે છે આથી જ પુષ્ય નક્ષત્ર ને નક્ષત્ર ના રાજા ગણવામાં આવે છે તેમા પણ ગુરૂવાર અને પુષ્ય નક્ષત્ર હોય તો ગુરુપુષ્યામૃત યોગ ગણવામા આવે છે.આ દિવસે કરેલ દરેક પૂજા પાઠ જપ તપ ઘણુ શુભ ફળ આપનાર બને છે ખાસ કરીને આ દિવસે ગુરુ મંત્રના જપ કરવા કુળદેવી ના જપ કરવા શ્રી યંત્ર ની પૂજા કરવી ઉત્તમ ફળ આપનાર બનશે .

આ દિવસે સોના ચાંદી ની ખરીદી કરવી નવા વાહનની ખરીદી કરવી જમીન મકાન વાહન ની ખરીદી કરવી ઉત્તમ ફળ આપનાર બનશે તે ઉપરાંત નવી દુકાનનું ઉદ્‌ઘાટન કરવું નવા વ્યાપારની શરૂઆત કરવી શુભ ફળ આપનાર બનશે તે ઉપરાંત પૂજાના સામાન ની ખરીદી કરવી લગ્ન જેવા શુભ પ્રસંગો ની ખરીદી કરવી ઉત્તમ રહેશે. આ દિવસે નાના બાળકોને સુવર્ણ પ્રાસન કરાવવામાં આવે છે જેનાથી નાના બાળકોને બુદ્ધિ શક્તિમાં વધારો થાય છે.

આ દિવસે લક્ષ્મીની પ્રાપ્તિ માટે સાકરવારુ દૂધ શ્રી સૂક્ત ના પાઠ બોલતા બોલતા અથવા તો ૐ મહાલક્ષ્મીયૈ નમઃ બોલી શ્રી યંત્ર ઉપર ચઢાવવું સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થશે.

**ગુરૂપુષ્યામૃત યોગ ના દિવસે ચોઘડિયા પ્રમાણે શુભ સમયની યાદી**

સવારે શુભ ૭.૦૪ થી ૮.૨૭
બપોરે ચલ ૧૧.૧૧ થી ૧૨.૩૩
બપોરે લાભ ૧૨.૩૩ થી ૧.૫૫
બપોર અમૃત ૧.૫૫ થી ૩.૧૭
બપોરે અભિજીત મુહૂર્ત ૧૨.૧૧ થી ૧૨.૫૫

- શાસ્ત્રી રાજદીપ જોશી વેદાંત રત્ન


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **રમેશ કાના મારૂ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **રમેશભાઈ કાનાભાઈ મારૂ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**રમેશભાઈ કાનાભાઈ મારૂ**

મુ. સમેગા, તા. માણાવદર, જી. જૂનાગઢ-૩૬૨૬૨૦

# ગિરનાર ક્ષેત્રના વરિષ્ઠ સંત પૂ. તનસુખગીરી બાપુને સંતો-ભક્તોની શ્રધ્ધાંજલી

**આજે સવારે ભીડભંજનથી ભવનાથ સુધી પાલખી યાત્રામાં સંતો, અગ્રણીઓ અને સેવકો ઉપસ્થિત રહયા : ભીડભંજન મહાદેવ મંદિર ખાતે સમાધી અપાઈ**






(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની ટોચ ઉપર બિરાજતા શક્તિપીઠ અંબાજી માતાજી મંદિરના મહંત પૂ. મોટાપીર બાવા તનસુખગીરી બાપુ દેવલોક પામતા ઘેરા શોકની લાગણી છવાય છે. આજે સવારે પાલખી યાત્રા યોજાઈ હતી જેમાં સંતો-મહંતો, ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર તીર્થ ક્ષેત્રમાં ગિરનાર ઉપર બિરાજતા અંબાજી મંદિરના મહંત તેમજ દત શિખર અને ભીડભંજન મહાદેવ મંદિરના મહંત મોટાપીર બાવા પૂજય તનસુખગીરી બાપુની લાંબી બિમારીની રાજકોટ ખાતે ગોકુલ હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી હતી અને જયાં આજે પૂ. તનસુખગીરી બાપુએ અંતિમ શ્વાસ લીધા છે. પૂ. બાપુ દેવલોક પામતા ભાવિકોમાં તથા ગિરનાર ક્ષેત્રના સંતોમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ હતી. પૂ. તનસુખગીરી બાપુને સમાધી અર્પણ કરવા માટે એક પાલખી યાત્રા આજે સવારે ૧૦ વાગ્યે ભીડ ભંજન મહાદેવ મંદિરથી ભવનાથ તરફ યોજાઈ હતી અને આ પાલખી યાત્રામાં વરિષ્ઠ સંતો, અગ્રણીઓ તેમજ પૂજય બાપુના સેવકો અને ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભવનાથથી પરત ફરીને આ પાલખી યાત્રા ભીડ ભંજન મહાદેવ મંદિરે પરત ફરી હતી અને બપોરે અઢી વાગ્યે પૂ. બાપુને સમાધી આપવામાં આવી હતી. શાસ્ત્રોક વિધી સાથે સમાધી અપાઈ હતી. આ તકે ગિરનાર ક્ષેત્રના વરિષ્ઠ સંતો, ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બાપુને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

અત્રે નોંધનીય છે કે, અંબાજી મંદિર, દત શિખર અને ભીડભંજન મહાદેવ મંદિરના મહંત મોટાપીર બાવા પૂજય તનસુખગીરી બાપુનું જીવન ખુબ જ સાદાય પૂર્વક તેમજ ભક્તિભાવપૂર્વક રહ્યું છે. તેમજ સેવાકીય, ધાર્મિક અને માં અંબાની ભક્તિ તેમજ ભીડભંજન મહાદેવ અને દત ભગવાનની ભક્તિમાં સતત રહ્યા છે. એટલું જ નહી ભારત સાધુ સમાજના પ્રમુખ બ્રહ્મલીન પૂ. ગોપાલાનંદજી બાપુની સાથે રહીને અનેક સેવાના તેમજ ધાર્મિક કાર્યો તેઓએ કર્યા છે. આ ઉપરાંત ગિરનાર ક્ષેત્રમાં આવતા ભાવિકોની સુખાકારી અને સગવડતા રહે તેમજ શિવરાત્રી તેમજ પરિક્રમાના મેળામાં આવનાર ભાવિકો માટે કોઈપણ જાતની અગવડતા ન પડે તે માટે તંત્રને રજુઆતો કરી છે અને આ રજુઆતોનો યોગ્ય પડઘો પણ પડ્યો છે. ગિરનાર ઉપર અંબાજી માતાજીના મંદિરે આવનારા ભાવિકોને વધુ સરળતા રહે તે માટે પણ ખુબ જ પ્રયત્નશીલ રહ્યા છે. અંબાજી માતાજી મંદિર અને પરિસરમાં યાત્રાળુઓની સુવિધાઓ માટે સતત સરકારને રજુઆતો કરતા રહ્યા છે. લાઈટ, પાણી સહિતની સુવિધા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમજ ગિરનાર રોપવે કાર્યરત થાય તે માટે પણ અવાર-નવાર રજુઆતો કરી છે. ડોળીવાળા ભાઈઓને પણ તેઓની રોજીરોટી મળે અને સરકાર દ્વારા તેઓને પણ વૈકલ્પીક જગ્યાઓ મળે તે માટે પણ તેઓએ રજુઆતો કરી હતી. ગિરનારની પરિક્રમામાં આવતા યાત્રાળુઓ તેમજ શિવરાત્રીમાં આવતા યાત્રાળુઓ તેમજ સંતોની સુવિધા જળવાઈ તે માટે અવાર-નવાર તંત્રને રજુઆતો કરી છે. અન્નક્ષેત્રો ચલાવનારા સેવાભાવીઓને પણ સહાયરૂપ બન્યા છે. પોતાના મિલનસાર સ્વભાવ અને નિર્મળ આંખો દ્વારા સ્નેહ નિતરાવતા પૂ. તનસુખગીરી બાપુનું ભક્તજનોના હૃદયમાં અને ગિરનાર મંડળના સંતોમાં આગવું સ્થાન રહ્યું છે. આવા ઉચ્ચ કોટીના સંત દેવલોક પામતા શોકની લાગણી પ્રસરી ગઈ છે. વરિષ્ઠ સંતો, અગ્રણીઓ અને સેવકોએ પૂ. બાપુને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા છે. (તસ્વીર : વિજય ત્રિવેદી)

# ઈકોઝોન નાબુદ કરવા ૧૯૬ ગામડાઓનું એલાને જંગ







## જૂનાગઢ ગીર વિસ્તારમાંથી ઈકોઝોન હટાવવામાં નહીં આવે તો ભાજપને નાબુદ કરવા, સિંહદર્શન બંધ કરવા સહિતના આકરા પગલા લેવાશે

જૂનાગઢ તા.૧૯ : ગીર વિસ્તારના જૂનાગઢ-ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાના ગામડાઓ માટે સરકાર દ્વારા ઈકોઝોનનું જાહેરનામું બહાર પાડતા તેની સામે ભારે વિરોધ વંટોળ ઉઠવા પામ્યો છે. ઈકોઝોનની લડતને વધુ આક્રમક બનાવવામાં આવી રહી છે. આ લડતના પ્રણેતા પ્રવીણ રામે ટ્રેકટર રેલીનું આયોજન કર્યુ હતું. જેમાં કીડીયારાની જેમ જનતા ઉમટી પડી હતી. એક તકે તો, ઈકોઝોન નાબુદ નહીં થાય તો ગીર વિસ્તારમાંથી ભાજપને નાબુદ કરી નાખવા અંગેનું પણ અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે. ટ્રેકટર રેલી યોજાતા જેમાં ભાલછેલમાં ૧૯૬ ગામડાના ૫૦૦૦ થી વધુ લોકો આ રેલીમાં જોડાયા હતા. અત્યાર સુધીની સૌથી મોટી આ રેલી ઐતિહાસીક રેલી યોજાઈ હતી અને જેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આગામી દિવસોમાં ઈકોઝોન નાબુદ કરવામાં નહીં આવે તો વધુ જલદ પગલાઓ લેવામાં આવશે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

સરકારે ગીર વિસ્તારના જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાના ૧૯૬ ગામડાઓ માટે ઈકોઝોનનું જાહેરનામું બહાર પાડયું હતું આ જાહેરનામું બહાર પાડતા જ ઈકોઝોન માટે લડત લડનાર આપ નેતાએ ૨ ઓકટોબર અને ગાંધીજયંતીના દિવસથી અનેક પ્રોગ્રામો જાહેર કરી ઈકોઝોન વિરૂધ્ધ આંદોલનનું બ્યુગલ ફુંકયું હતું, ૨ ઓકટોબરે સરપંચોના ઈકોઝોન વિરૂધ્ધના ઠરાવો, નવરાત્રી અને દિવાળીમાં વિરોધો અને સભાઓ અને રેલીઓના આપનેતા પ્રવીણ રામની રાહબરી હેઠળ સફળ આયોજન થયા હતા. ત્યારે જ સોમવારે ગીરના તમામ ૧૯૬ ગામમાંથી લોકો જેમ કીડીયારૂં ઉભરાય તે રીતે હજારોની સંખ્યામાં સવારે ભાલછેલ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે લોકો એકઠા થયા હતા, હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આપનેતા પ્રવીણ રામ, ગોપાલ ઈટાલીયા, પરેશભાઈ ગોસ્વામી, રાજુભાઈ, કરશનબાપુ ભાદરકા તેમજ અન્ય આગેવાનોએ હાજર તમામ લોકોને ઈકોઝોન માટે માહિતી આપી સરકારને કાયદો નાબૂદ કરવા માટે ચેતવણી આપી હતી, ત્યારબાદ ભાલછેલ હેલીપેડ ગ્રાઉન્ડથી વિશાળ ટ્રેકટરો સાથે હજારોની સંખ્યામાં લોકોએ સાસણ તરફ કુચ કરી હતી, સાસણ પહોંચ્યા બાદ ફોરેસ્ટના જવાબદાર અધિકારીને ઈકોઝોન નાબૂદ કરવા માટેનું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, પરંતુ આ ટ્રેકટર રેલીમાં એટલી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા કે જેમના કારણે સાસણ તમામ રસ્તાઓ બ્લોક થયા હતા અને અમુક સમય માટે સાસણની બજારો ઠપ થઈ હતી, સમગ્ર સૌરાષ્ટ્ર અને ગીરના ઈતિહાસમાં કદાચ ખેડુતોની આ ઐતિહાસીક રેલી હતી.

# તહેવારોની મોસમ પુરી થતા જ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં લગનગાળો શરૂ



## ઢોલ - શરણાઈનાં શુર, ડીજેનાં તાલ વચ્ચે થોકબંધ લગ્ન સમારોહ - લોકોમાં ભારે ઉત્સાહ

જૂનાગઢ તા. ૧૯ દેવદીવાળીનાં પાવનકારી પર્વે ભગવાન શાલીગ્રામ અને તુલસીજીનાં લગ્ન સંપન્ન થયા છે. અને હવે લગ્નગાળાની મોસમ શરૂ થઈ રહી છે ત્યારે જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં થોકબંધ લગ્ન સમારોહ યોજવામાં આવનાર છે. અને જેને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે. દીપાવલી અને નૂતનવર્ષનાં તહેવારોની ઉજવણી છેક અગીયારસથી શરૂ થઈ દેવદીવાળી સુધી ચાલી રહી હતી. મંગળવારે ૧૨ નવેમ્બરનાં રોજ દેવદીવાળીનું પર્વ લોકોએ ઉત્સાહભેર મનાવ્યું હતું. ભગવાન શાલીગ્રામ અને તુલસીજીનાં વિવાહ સંપન્ન થયા બાદ હવે લગ્નની સીઝન શરૂ થવાની છે ત્યારે લગ્નગાળાની ખરીદી બજારોમાં શરૂ થઈ ગઈ છે.

કાપડ બજાર, સોના બજારથી લઈ તમામ બજારોમાં ખરીદી શરૂ થઈ છે. જે પરીવારોમાં દિકરા-દિકરીનાં લગ્નનાં મુહુર્તો આવ્યા છે તે પરીવારો દ્વારા વાડી, પાર્ટી પ્લોટ, મંડપ સર્વિસ, ઈલેકટ્રીક સર્વિસ, ડીજે વગેરેનાં બુકીંગ કરી




નાખવામાં આવેલ છે. આ ઉપરાંત લગ્ન સમારોહનું સ્નેહીમિત્રોને આમંત્રણ આપવા માટે નિમંત્રણ કાર્ડ, કંકોત્રીનું છાપ કામ તેમજ આજનાં યુગમાં ડીજીટલ કાર્ડ અને કંકોત્રી તૈયાર કરવામાં આવી છે. ગોર મહારાજને પણ જે તે પરીવારો દ્વારા નકકી કરવામાં આવ્યા છે. ઉપરાંત કેટરર્સ માટે પણ બુકીંગ થઈ ગયું છે. લગ્નગાળાને લઈને બજારોમાં ખરીદીનો રાઉન્ડ શરૂ થયો છે. અને તેજી જોવા મળી રહી છે. પોતાનાં ઘર આંગણે લગ્ન પ્રસંગ આવતો હોય તેવા પરીવારો હોંશે હોંશે લગ્નની ખરીદી કરી રહયા છે. બીજી તરફ જુદા જુદા જ્ઞાતિ, સમાજો દ્વારા પણ સમુહલગ્નનાં સમારોહનાં આયોજન હાથ ધરવામાં આવ્યા છે. લગ્નગાળાની મોસમ શરૂ થતાં જ જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં સંખ્યાબંધ લગ્ન સમારોહ યોજવામાં આવનાર છે. અને જેની તડામાર તૈયારીઓ હાલ ચાલી રહી છે.

# રાજકોટના વાવડી ગામની પરિણીતાને લગ્નની લાલચ આપી વંથલીનાં ટીનમસ ગામનાં શખ્સે દુષ્કર્મ આચર્યુ

રાજકોટ તા.૧૯ રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતી એક પરીણીતાને લગ્ની લાલચ આપી અને વંથલી તાલુકાના ટીનમશ ગામના એક શખ્સે દુષ્કર્મ આચર્યાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે પરિણાતીની ફરિયાદ ઉપરથી આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી તેને સકંજામાં લઈ અને તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવને પગલે ભારે ચકચાર જાગી ઉઠી છે.

બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર રાજકોટના વાવડી ગામ વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાહુલ લાખા હૂંબલ (રહે. ટીનમસ, વંથલી) નું નામ આપતાં તાલુકા પોલીસે દુષ્કર્મ, મારામારી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ તેના પતિ અને બે સંતાન સાથે છેલ્લા દસ વર્ષથી રાજકોટમાં રહે છે અને તેના પતિ ડ્રાઈવિંગ કામ તેમજ પોતે ઘર બેઠાં સિવણ કામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે.તેઓ વર્ષ ૨૦૨૨ માં જૂનાગઢ ભવનાથ માનતા ઉતારવા જવું હોય જેથી સવારમાં તે ગોંડલ ચોકડી પર આવી હતી ત્યારે ત્યાંથી પસાર થયેલ ખાનગી બસમાં જૂનાગઢ જવા માટે બેસેલ ત્યારે તેમાં ડ્રાઈવર તરીકે રાહુલ હતો. જેમને બસ બુકીંગ બાબતે વાતચીત કરતાં બંનેએ અરસપરસ નંબરની આપલે કરી હતી. તે દરરોજ ગુડ મોર્નિંગના મેસેજ કરતો હતો.

દરમિયાન ફરિયાદી ગર્ભવતી બની હતી અને તેમને જન્મેલ બાળકનું મોત નિપજતાં તે ડિપ્રેશનમાં ચાલી ગઈ હતી. ત્યારે આરોપીએ તેમને પોતાના ગામ ટીનમસ આવવા જણાવ્યું હતું અને પરિવાર સાથે મળવાનું કહેતાં તેણી ટીનમસ પોતાના બે સંતાનો સાથે ગઈ હતી. આરોપીના ઘરે તેમની પત્ની, બે પુત્રી અને તેમની માતા હતી. જયાં આરોપીએ તેમના પરિવારને તેમના મિત્રની પત્ની છે તેવું કહ્યું હતું.

બાદમાં તેઓ સાથે મઢડા, સોમનાથ ફરવા માટે ગયાં હતાં. ઉપરાંત આરોપી અને તેમનો પરિવાર કચ્છ ફરવા જતો હતો ત્યારે પણ તેણીને સંતાનો સાથે ફરવા લઈ જતાં એક પારિવારિક સબંધ બંધાયા હતાં.જે બાદ ફરિયાદીને તેમના પતિ સાથે માથાકૂટ ચાલતી હોય જેમનો ફાયદો ઉઠાવી આરોપી ગત જુલાઈ માસમાં તેણીના પતિની અને સંતાનોની ગેરહાજરીમાં ઘરે આવ્યો હતો અને તું તારા પતિનો કેમ ત્રાસ સહન કરે છે તું એમને મૂકી દે હું તારી સાથે લગ્ન કરીશનું કહેતાં તેમને તેમના પત્નીનું પૂછતા તેને કહ્યું કે, હું પણ મારી ઘરવારીથી કંટાળી ગયો છું, તું તારા પતિથી છૂટાછેડા લઈ લે હું મારી પત્નીથી છૂટો થઈ જઈશ કહી ત્યારે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું.

જે બાદ તેમને આપેલા વિશ્વાસથી તેણીએ તેમના પતિ સાથે ગયા સપ્ટેમ્બર મહિનામાં છૂટાછેડા લઈ લીધા હતાં. જે બાદ અવારનવાર ઘરે આવી દુષ્કર્મ આચરતો હતો. પરંતુ તે તેની પત્ની સાથે છૂટાછેડા લેતો ન હતો. ગઈ તા.૫ ની મોડી રાતે તે દારૂના નશામાં ઘરે ઘસી આવેલ અને દરવાજો ખખડાવતા તેમને દરવાજો ન ખોલતાં તે ધરારથી ઘરમાં ઘુસી તેમની સાથે બળજબરી કરી મારમારી શરીરે બચકા ભર્યા હતાં. જેથી પોતે પોતાનો જીવ બચાવી રાતના સમયે બજારમાં ભાગી હતી. આરોપી પણ તેમની પાછળ જ હતો. મહિલા વાવડી ચોકીએ પહોંચી જતાં આરોપી ભાગી ગયો હતો.

અંતે આરોપી અને તેના પરિવારના ત્રાસથી કંટાળી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી. આર.ભરવાડ અને ટીમે આરોપીને સકંજામાં લીધો હતો.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.
ટુવ્હીલરનું લાયસન્સ હોવું જરૂરી

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨